# જાગૃતિ સંદેશ
JAGRUTI SANDESH

Price : 5/-
Total Page : 32

Vol 16 Issue No. 12 - Mumbai DECEMBER 2016


**પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર**






શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર
પ્રસ્તુત કરે છે

પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ પ્રેરિત

# યુગપુરુષ

મહાત્માના મહાત્મા

મોહનદાસને મહાત્મામાં રૂપાંતરિત કરનાર એક ગહન આધ્યાત્મિક સંબંધની યશોગાથા

દિગ્દર્શન : રાજેશ જોશી । લેખન : ઉત્તમ ગડા

સંગીત : સચીન-જિગર

સફળતાના અભૂતપૂર્વ શિખરો સર કરતું જાજરમાન ગુજરાતી નાટક
જૈનોએ અચૂક માણવા જેવું !
ટૂંક સમયમાં હિંદી, અંગ્રેજી તેમજ અન્ય પ્રાદેશિક ભાષાઓમાં

શો સંપર્ક : +૯૧ ૯૦૦૪૯૯૯૨૨૨
www.yugpurush.org

Advt.

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**



### કેબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી રમેશ એમ. સંઘવી |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | : શ્રી અમિત બી. કોઠારી |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી ધર્મેશ એસ. જૈન | શ્રી રાહુલ એમ. ટિંબડિયા |
| શ્રી અનિલ જી. દોશી | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

**: ઈન્વાયટી :**

| | |
|---|---|
| શ્રી દિનેશ વી. શાહ | શ્રી કિરણ એચ. શાહ |

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂ.૫/-    વાર્ષિક લવાજમ રૂ.૫૦/-**

## Message From The CHAIRMAN.....



**મારા સ્નેહાળ મિત્રો, ભાઈઓ તથા બહેનો - બાળકો,**

જય જિનેન્દ્ર,

પાછલા બે વર્ષના નબળા ચોમાસા પછી આ વર્ષે વરસાદ સારો પડતાં કૃષી ક્ષેત્રે પાક-પુરવઠો વધ્યા છે ઉપરાંત ગ્રામીણ અર્થતંત્ર પણ ફરી પગભર થતાં આ વર્ષે દિવાળીના તહેવારો વિવિધ બજારો તથા ઉદ્યોગો માટે વધેલી મોસમી માગના પગલે પ્રોત્સાહક નિવડ્યા હતા. જોકે દિવાળી પૂરી થયા બાદ કેન્દ્ર સરકારે ઉંચા મુલ્યની કરન્સી નોટો રદ કરવાની જાહેરાત કરતા વેપાર તથા ઉદ્યોગ જગતનો મોટો ફટકો પડ્યો છે તથા લગ્નસરાની માગનો આશાવાદ ઓસરી વસવસામાં પલ્ટાયાના નિર્દેશો મળ્યા છે ત્યારે હવે નાતાલ ક્રિસમસના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે નાતાલની માગ ઘરઆંગણે વધશે કે પછી નોટબંધીના કારણે નાતાલની મોસમ પણ નબળી સાબિત થશે? એવો પ્રશ્ન હાલ વેપાર-ઉદ્યોગ જગતમાં પૂછાઈ રહ્યો છે. દિવાળીના તહેવારોમાં આ વર્ષે મીઠાઈનો વપરાશ ઓછો થયો હતો અને તેના બદલે સૂકામેવાઓ તથા ચોકલેટોનો વપરાશ વધુ નોંધાયાના નિર્દેશો તાજેતરમાં મળ્યા છે. ત્યારે હવે નાતાલને આવકારવા દેશની વિવિધ બજારોએ ફરી કમર કસવા માંડી છે. નાતાલમાં સામાન્યપણે કેક તથા ચોકલેટોનું વેંચાણ ઘરઆંગણે તથા દરિયાપારના વિવિધ દેશોમાં વધી જતું હોય છે. નાતાલના સાન્તાક્લોઝને આવકારવા ચોકલેટનું ઉત્પાદન કરતા ઉત્પાદકો થનગની રહ્યા છે ત્યારે આ ઉદ્યોગ માટે પ્રોત્સાહક સમાચાર વહેતા થયા છે. આ સમાચાર કોકો બજારમાંથી આવ્યા છે. ચોકલેટ બનાવવામાં મુખ્ય કાચા માલ તરીકે કોકોનો ઉપયોગ થાય છે અને કોકોના ભાવોની ચડઉતર પર ચોકલેટના ભાવોની વધઘટ આધારીત રહે છે. આ વર્ષે નાતાલ પૂર્વે કોકો બજારમાંથી આવી રહેલા સમાચારો મુજબ કોકોના ભાવો ઘટાડા તરફી રહ્યા છે. આના પગલે નાતાલમાં ચોકલેટના ભાવ નીચા રહેવાની આશા જન્મી છે.

દેશમાં આ વર્ષે દિવાળીના તહેવારોમાં ફટાકડાનું વેંચાણ ઘટ્યું

હોવાના આંકડા તાજેતરમાં બહાર આવ્યા હતા તથા ખાસ કરીને પ્રદુષણ ફેલાવતા તથા મોટો અવાજ કરતા ફટાકડાઓનું વેચાણ નોંધપાત્ર ઘટ્યું હતું. જૈન સમાજમાં ફટાકડાના વિરોધમાં જાગૃતિ અભીયાન ચાલી રહ્યું છે ત્યારે આવા આંકડાઓ બહાર આવ્યા છે. હવે ઉતરાણ નજીક આવી છે ત્યારે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે કાચનો માવો પાયેલા માંજા પર રાષ્ટ્રીય સ્તરે બંધી મૂકવાની જાહેરાત કરી છે તથા નાયલોન, ચાઈનીઝ, કોટનના દોરા પર આવો કાચનો માવો પાઈને માંજો બનાવી વેચવા પર બંધી મૂકાઈ છે તેથી પક્ષીઓને તથા પર્યાવરણને રાહત થશે તથા ઘણી જાનહાની દૂર થશે. આ વર્ષે દિવાળીમાં ૪૦૦થી વધુ બાળકો જેમણે ફટાકડા નહિં ફોડવા વ્રત લીધું હતું તેમનું અભિવાદન તાજેતરમાં એનજીઓ જાગૃત તથા શ્રી વિલેપાર્લા શ્વેતામ્બર મુર્તિપૂજક જૈન સંઘ અને વર્ધમાન સંસ્કારધામના સહયોગમાં કરવામાં આવ્યું હતું એવું જાગૃતિના અધ્યક્ષ નરેન્દ્ર હીરાનીએ જણાવ્યું હતું. સંસ્કાર ઝુંબેશ હેઠળ આવું જાગૃત અભિયાન શરૂ કરાયું છે. ટીવી સ્ટાર ભવ્ય ગાંધી (ટપુ) આ પ્રસંગે હાજર રહ્યા હતા. ફટાકડા નહિં ફોડતા આવા બાળકોની સંખ્યા આવતા વર્ષે વધારી ૪૪૪૦ કરવાનું લક્ષ્યાંક બનાવાયું છે. જૈન સમાજમાં પર્યાવરણની રક્ષા, જીવદયા ઉપરાંત આરોગ્ય તથા શિક્ષણ ક્ષેત્રે હાલ વ્યાપક કામગીરી કરાઈ રહી છે.

મને એમ થાય છે કે આપણી પાસે આપણું જ હજારો વર્ષ જૂનું ખગોળશાસ્ત્ર છે. બહુ જ ઊંડો અભ્યાસ કરીને બનાવેલાં તિથિપત્રકો છે. આપણાં જ વિવિધ સંવત વર્ષ છે, વિક્રમ સંવત, વીર સંવત, શક સંવત ઉપરાંત બીજાં પણ છે, પણ આપણને તે વિશે ક્યાં કશી ખબર છે? આજે વિક્રમ સંવતનો કયો મહિનો કે તિથિ છે એ કેટલાને ખબર હશે! હા, લગ્નની કંકોત્રીમાં તિથિનો ઉલ્લેખ ચોક્કસ કરવામાં આવે છે એટલું સારું છે, પણ મૅરેજ એનિવર્સરી તો વર્ષો પછી પણ ઈ.સ. પ્રમાણે યાદ રહે છે. તિથિ તો લગ્નના કે જન્મદિનના બીજા જ દિવસે ભુલાઈ જવાય છે. આમેય આપણને Imported વસ્તુનો ખૂબ જ મોહ છે. કેલેન્ડર અને New Year પણ Imported!!

જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ગોવા કોન્ફરન્સમાં નક્કી કર્યું હતું તે પ્રમાણે દરેક કન્વીનરોને આપેલા સેન્ટરોના કાર્યોનો અભિપ્રાય તેમની પાસેથી ટુંક સમયમાં લેવામાં આવશે.

આપણી સેન્ટ્રલ બોર્ડની કમિટી અનુભવસિદ્ધ પરિપક્વતા અને કાર્યક્ષમતાથી છલકાય છે. દર ગુરુવારની અઠવાડિક મિટિંગમાં દરેક સેન્ટરનાં સૂચનો અને પ્રશ્નોનો ઉકેલ અને નિર્ણય એકમતીથી લેવાય છે જે બાબતની ચર્ચામાં Expertisation, Experience, Foresight, Wisdom, Analysis, Information, Technology અને Commonsense (વિવેકબુદ્ધિ), Suggestions તથા Opinionsના કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહરહિત સાથ લેવાય છે. જેજેસીનું આજે જૈન તથા ઈતર સમાજમાં સન્માનભર્યું સ્થાન છે તે આપણા સર્વેના 3D-Devotion, Dedication તથા Determination થકી જ છે.

માટે દરેક કારોબારી સભ્યોને મારી નમ્ર અરજ છે કે લગે રહો, સમય ગુમાવ્યા વિના કામ પર / ફરજ પર ચડી જાવ. કારણ જે સમયની કિંમત સમજી, સમયનો સદુપયોગ કરી કામમાં નિયમિત રહે છે તેની પાસે સફળતા નિવાસ કરે છે. સમયને સાચવી લેવાની કળા જેની પાસે છે તેની પાસે દરેક પ્રશ્નનો ઉકેલ હોય છે અને તે માણસ ચાર ગણું કામ કરવા છતાં ક્યારેય પણ Free-n-Free જ માલૂમ પડે છે. ક્યારેય થાકતો નથી માટે સમયને વ્યર્થ વેડફ્યા વિના દરેક ક્ષણનો ઉચિત ઉપયોગ કરીએ, કારણ ક્ષણક્ષણનો સરવાળો જ જીવન છે.

દરેક કારોબારી સભ્યને મારી ટિપ્સ છે કે સમતાભાવ, ધીરજ અને સહનશીલતા કેળવીએ તો આપણી અપેક્ષા પ્રમાણે પરિણામ આવશે જ. તે માટે ઉતાવળા થઈ બાવરા થવાની જરૂર નહીં પડે. સમભાવ અને એકબીજા પ્રત્યેનો આદર બહુ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

મારા ચૅરમૅનપદના કાર્યકાળની પ્રથમ ટર્મની શરૂઆતમાં જ મેં એવી અભિલાષા સેવેલી કે હું જેજેસી પરિવારના દરેક સેન્ટરની શુભેચ્છા મુલાકાત લઈ દરેક કમિટી સભ્યોને One to One મળીને તેમનાં વિચારો અને સૂચનો ઉપરાંત ફરિયાદો વિશે જાણીને તેને દૂર કરવા-ઉકેલવા પ્રયત્ન કરીશ. મને અત્યારે આનંદ થાય છે કે મારું આ મિશન એક વર્ષ પૂર્ણ થવાને આરે છે. ઘણાબધાં સેન્ટરોના પ્રમુખ તથા કમિટી સભ્યોની મુલાકાત લઈ દરેક કમિટી સભ્યોને મળ્યા, પરંતુ બધા જ નાનાં તેમ જ મધ્યમ કક્ષાનાં શહેરોને એક કૉમન સમસ્યા સતાવી રહી છે એ છે Migration – સ્થળાંતરની. તેમાં મુખ્ય કારણ, સંતાનોનાં સગપણની અને બીજી સમસ્યા છે આજીવિકાની. સંતાનો મોટાં થતાં તેમની લગ્નવિષયક સમસ્યા વિકરાળ બની ગઈ છે. ગામમાં ધીકતો ધંધો હોય, બંગલા-ગાડી હોય, ખેતીવાડી હોય, નોકર-ચાકર હોય તોપણ કોઈ કન્યા ગામડાંમાં આવવા રાજી નથી. અરે આજુબાજુનાં નાનાં ગામડાંની કન્યા પણ તૈયાર નથી! ગામડાં કે નાનાં શહેરની દીકરીને પણ કોઈ લેવા તૈયાર નથી. સમાજમાં જબ્બર અસમતુલા સર્જાઈ ગઈ છે તેથી આ લોકોએ આજુબાજુનાં મોટાં શહેરો – રાજકોટ, અમદાવાદ, વડોદરા કે મુંબઈ તરફ દોટ મૂકી છે.

આ સમસ્યાનો ઉકેલ આપણી પાસે તો નથી. ઉપરાંત નાનાં ગામમાં ધંધાઓ જૈનોના હાથમાંથી ખૂંચવાઈને ઈતર કોમ પાસે જતા રહ્યા છે. જૈનોની પ્રામાણિક પૉલિસીથી હવે બરકત આવતી નથી. ઉપરાંત જૈનોના દીકરાઓ હવે ધંધા કરતાં નોકરી વધારે પસંદ કરે છે. આ બધાં સામાજિક પરિબળો ઉપરાંત રાજકીય પરિબળોને પ્રતાપે ગામડાં હવે જૈનવિહોણાં બનવાં લાગ્યાં છે.

વર્ષ ૨૦૧૭નું આગમન મિશ્ર પ્રત્યાઘાત સાથે થઈ ચૂક્યું છે. જેજેસીના સર્વે સભ્યોને "Happy New Year!" વર્ષ ૨૦૧૬ ખટ્ટામીઠાં અને કોઈકોઈ તો કડવાં સંભારણાંને Delete કરી ૨૦૧૭નાં મીઠાં-મધુરાં વધામણાં. સર્વેને ખૂબખૂબ શુભેચ્છા પાઠવું છું.

***લિ. સંજય બી. શાહ***


## જૈન જાગૃતિ સેન્ટરના નવા સેન્ટરો ખોલવા બાબત...

ભારતભરના તથા પરદેશમાં વસતા સમગ્ર જૈનોને એક છત્ર નીચે લાવી જૈનોનો સામાજીક તથા રાજકીય ક્ષેત્રે અવાજ બુલંદ બનાવવા જૈન જાગૃતિ સેન્ટરની નેમને વધુ સફળ બનાવવા આપણા ધ્યાનમાં કોઈ એવું ક્ષેત્ર હોય જ્યાં જૈનોની વસતી સારા પ્રમાણમાં હોય અને ત્યાં જૈન જાગૃતિનું કોઈ પણ સેન્ટર ન હોય તો આપને વિનંતી છે કે આપ ત્યાં સેન્ટર ખોલવા પ્રયત્ન કરો અને તે વિષે જૈન જાગૃતિ સેન્ટરની ઑફિસે જાણ કરો.

સંપર્કઃ ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.
ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬

લિ. સેક્રેટરી જનરલ
જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ

## ગરીબમાં ગરીબ પણ કરી શકે એવું મહાદાન એટલે ચક્ષુદાન



**ચક્ષુદાન સાથે ત્વચાદાન પણ આપવાની ભાવના રાખો**

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● અમૃતનગર | : | ૧૫-૧૧-૧૬ | 'નસ નસમાં ખુન્નસ' - નાટક | ★ |
| ● બીચ સાઈડ | : | ૧૫-૧૧-૧૬ | 'ROCK ON PUNJAB' - મ્યુઝીકલ શો | ★ |
| ● બોરીવલી | : | ૧૬-૧૧-૧૬ | 'રેડી સ્ટેડી ગો' - નાટક | ★ |
| ● ચેમ્બુર | : | ૨૧-૧૧-૧૬ | 'શોધ પ્રતિશોધ' - નાટક | ★ |
| ● ગોલ્ડન ગારોડીયા | : | ૧૭-૧૧-૧૬ | 'શોધ પ્રતિશોધ' - નાટક | ★ |
| | : | ૨૬-૧૧-૧૬ | 'નસ નસમાં ખુન્નસ' - નાટક | ★ |
| ● જેમ જગડુશા | : | ૦૨-૧૧-૧૬ | 'નસ નસમાં ખુન્નસ' - નાટક | ◈ |
| ● જેજેસી-જુહુ | : | ૦૨-૧૧-૧૬ | 'એય દિલ હૈ મુશ્કિલ' - ફિલ્મ | ✦ |
| | : | ૦૩-૧૧-૧૬ | 'શિવાય' - ફિલ્મ | ✦ |
| | : | ૧૩-૧૧-૧૬ | 'મેલોડીઝ-અલ્કા યાજ્ઞિક' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : | ૨૪-૧૧-૧૬ | 'શોધ પ્રતિશોધ' - નાટક | ◈ |
| | : | ૨૬-૧૧-૧૬ | 'વેંટીલેટર' - ફિલ્મ | ◈ |
| | : | ૨૭-૧૧-૧૬ | 'ડિયર જીંદગી' - ફિલ્મ | ◈ |
| | : | ૩૦-૧૧-૧૬ | 'ટોક એન્ડ મ્યુઝીકલ શો વીથ કાજલ ઓઝા વૈદ્ય' | ★ |
| ● જુહુ બીચ | : | ૧૦-૧૧-૧૬ | 'Rock on Punjab' - મ્યુઝીકલ શો | ★ |
| | : | ૨૮-૧૧-૧૬ | 'હુ...તુ...તુ...તુ...' - ગુજરાતી ગીતો | ★ |
| ● કલાનગરી વડોદરા | : | ૧૨-૧૧-૧૬ | 'Rock on Punjab' - મ્યુઝીકલ શો | ★ |
| ● કાંદિવલી | : | ૦૯-૧૧-૧૬ | 'રેડી સ્ટેડી ગો' - નાટક | ★ |
| | : | ૧૭-૧૧-૧૬ | 'મૉર્ડન મિડલ કલાસ' - નાટક | ★ |
| ● મલાડ | : | ૧૮-૧૧-૧૬ | '——' - નાટક | ◈ |
| | : | ૨૭-૧૧-૧૬ | 'રૉયલ ગાર્ડન રીસોર્ટ' - રીસોર્ટ | ★ |
| ● મુંબઈ | : | ૧૫-૧૧-૧૬ | 'રેડી સ્ટેડી ગો' - નાટક | ◈ |
| | : | ૨૬-૧૧-૧૬ | 'નટવરલાલ એન્ડ સન્સ' - | ★ |
| ● નવી મુંબઈ | : | ૧૭-૧૧-૧૬ | 'નસ નસમાં ખુન્નસ' - નાટક | ◈ |
| ● નૉર્થ ઈસ્ટ | : | ૧૨-૧૧-૧૬ | 'નસ નસમાં ખુન્નસ' - નાટક | |
| | : | ૨૫-૧૧-૧૬ | 'Journey to Patriotic song' | |
| ● નૉર્થ વેસ્ટ | : | ૦૩-૧૧-૧૬ | 'નસ નસમાં ખુન્નસ' - નાટક | ◈ |
| | : | ૨૫-૧૧-૧૬ | 'સ્વદેશ PATRIOTIC' - મ્યુઝીકલ શો | ◈ |
| ● પાટણ | : | ૦૨-૧૦-૧૬ | 'નવરાત્રી' - | ★ |

| | | | | |
|---|---|---|---|---|
| ● પેડર રોડ | : | ૦૯-૧૧-૧૬ | 'શોધ પ્રતિશોધ' - નાટક | ◈ |
| | : | ૧૯-૧૧-૧૬ | 'શ્રી નાગેશ્વર તિર્થ યાત્રા' - પ્રવાસ | ★ |
| ● રૉયલ જગડુશા | : | ૧૩-૧૧-૧૬ | 'દિવાળી સ્નેહમિલન' - | ★ |
| | : | ૨૪-૧૧-૧૬ | 'નસ નસમાં ખુન્નસ' - નાટક | ★ |
| ● સાયન માટુંગા | : | ૧૦-૧૧-૧૬ | 'નસ નસમાં ખુન્નસ' - નાટક | ★ |
| | : | ૨૯-૧૧-૧૬ | 'Dear Zindagi' - ફિલ્મ | ◈ |
| ● શિવાજી પાર્ક | : | ૨૭-૧૧-૧૬ | 'નસ નસમાં ખુન્નસ' - નાટક | ◈ |
| ● વસઈ | : | ૧૧-૧૧-૧૬ | 'જ્યાં લક્ષ્મી ત્યાં નારાયણ' - નાટક | ★ |
| ● વિલે પાર્લે | : | ૦૩-૧૧-૧૬ | 'Joke સમ્રાટ' - નાટક | ◈ |
| | : | ૧૩-૧૧-૧૬ | 'મંત્ર એક બાજી અનેક' - શ્રી કુમાર ચેટરજી | ◈ |
| | : | ૨૪-૧૧-૧૬ | 'કાજલ ઓઝા વૈદ્ય' - જાણીતા સાહિત્યકાર | ◈ |

સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦

**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.**


# જેજેસી કાંદિવલી

સંચાલિત

## જૈન સગપણ માહિતી સેન્ટર (કાંદિવલી)

### (શ્રી કિરીટભાઈ ભાઈલાલભાઈ શાહ પરિવાર પ્રેરિત)

### અષ્ટમ યુવક - યુવતી પરિચય સંમેલન (ગ્રેજ્યુએટ યુવા મેલા)

### રવિવાર . તા. ૨૯ મી જાન્યુઆરી ૨૦૧૭ સમય : સવારે ૮.૦૦ થી બપોર ૨.૦૦ સુધી

બે અલગ પરિવારોની પરંપરા, બે અલગ અલગ પાત્રોની વર્તમાન જીવનશૈલીની વિવિધતાનો સમજણથી સમન્વય કરીને આપના ભાવિ જીવનને સગપણના સેતુ પ્રતિ દોરી જતો "મંગલ મંચ" એટલેજ "જૈન સગપણ માહિતી સેન્ટર" જેના દ્વારા રજીસ્ટર્ડ થયેલા, મુંબઈ કે મુંબઈ બહારના માત્ર અપરિણીત સ્નાતક (ગ્રેજયુએટ) થયેલા જેઓની વય ૨૧ થી ૩૫ વર્ષ સુધીની જ હોય એવા જૈન સમાજના લગ્ન ઈચ્છુક યુવક /યુવતીઓને તા. ૧૦.૦૧.૨૦૧૭ સુધીમાં તેમનું નામ રજીસ્ટર્ડ કરાવીને આ સંમેલનમાં સહભાગી થવા અમારૂં હાર્દિક આમંત્રણ છે. વહેલા તે પહેલાના ધોરણે નામો રજિસ્ટર્ડ કરાવાના રહેશે. નિર્ધારીત સભ્ય સંખ્યા પૂરી થયા પછી વધુ નામો સ્વીકારવામાં આવશે નહીં.

**સંપર્ક સૂત્ર : જૈન સગપણ માહિતી સેન્ટર**

દુકાન નં.૯, સાંઈરાજ ગાર્ડન, હેમુકલાની રોડ નં.૩, (ઇરાની વાડી) મોદી પાર્કની સામે,
કાંદિવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૬૭, ફોન: ૯૮૨૧૦૫૦૧૬૯ મો. ૯૮૨૧૮૭૯૩૩૫ / ૯૮૬૯૯૫૫૭૫૦ / ૯૭૬૭૪૮૨૯૨૬
Website : www.jjckandivali.com Email : info@jjckandivali.com

Advt.

# ''જ્યોત સે જ્યોત જલાતે રહો''

## (જીવન જાણે પ્રેમનું ઝરણું - મૈત્રીની મહેફિલ)

■ કિરણ શાહ (Past Chairman)

વિશ્વના સળગતા પ્રશ્નોને હલ કરવાનો અમોઘ માર્ગ છે - ''જ્યોત સે જ્યોત જલાતે રહો - સબ કો ગલે સે લગાતે રહો.'' કવિશ્રી દુષ્યંત કુમારની ફિલોસોફી તેના અત્યંત પ્રખ્યાત શેરમાં પ્રગટ થાય છે.

''સિર્ફ હંગામા કરના હમારા મકસદ નહીં
હમારી કોશિશ હૈ કી સૂરત બદલની ચાહીએ
મેરે દિલ મેં નહીં તો તેરે દિલ મેં હી સહી
આગ કહીં ભી હો લેકિન આગ જલની ચાહિયે''

દરેક માણસને અંદરના આદેશની ભેટ મળેલ હોય છે. શું સારું અને શું ખરાબ? આ પ્રશ્ન નો જવાબ તો આપણો માહ્યલો જ આપે. આ જવાબની અવગણના કરવી એ પણ અવિવેક છે. ઈનરવોઈસનો આદર કરવો એ વિવેક છે, જે પ્રત્યેક માણસને માગ્યા વગર મળેલી મોંઘેરી મિરાત છે. આપણી પાસે અંતરનેટ હોવું જોઈએ. ઈન્ટરનેટ ન હોય તો ચાલે. આપણું અંતઃકરણ આપણને છેતરતું નથી. કારણ કે જ્યાં અંતઃકરણ હોય ત્યાં અંતર્યામી હોય છે. સંવેદનશીલ હ્દય કુદરતની મનુષ્યને મહાન ભેટ છે. આપણામાં ઘણું બધું જીવાતું હોય છે તેમાં કોને જીવવા દેવું અને કોને મારી નાખવું એ આપણે નક્કી કરવાનું છે. માનવ માટે જીવનની દરેક ક્ષણ ઈશ્વરની અનુપમ ભેટ છે. તમે જીવનને અણમોલ ઘટના તરીકે જુઓ અને તેનું અભિવાદન કરો. ભગવાને જે આપ્યું તે ફક્ત સ્વીકારવું જ નહીં પણ તે સન્માવવું. ભીંજાવું અને પલળવું એમાં ફરક ફક્ત એટલો કે જે જડ છે એ પલળે છે અને જે જીવંત છે એ ભીના થાય છે. માણસ હોવું એ એક વાત છે અને માણસ થવું એ બીજી વાત છે. માણસ મોટો દેખાવા કરતાં મોટાઈ દેખાડે એ વધારે મહત્વનું છે.

દુનિયામાં એક પણ વ્યક્તિ એવી નથી જેને ફરિયાદ કે સમસ્યા કે મુશ્કેલી ન હોય, જુદા એ લોકો પડે છે જે તેનાથી ઉઠીને જીવે છે. જિંદગી એક રમત છે એ ખરેખર રમતાં-રમતાં અને મરણને ગંભીર ગણ્યા વિના જીવવી જોઈએ. જેમણે જિંદગીમાં કંઈક કર્યું છે, તેવા માણસોના જીવન તપાસશો તો તમને દેખાશે કે આ લોકો કામ કરતાં રહ્યા છે, કપરો સંગ્રામ ખેલતા રહ્યા છે. વારંવાર ઉંમરના ટીપણાં ઉખાળતા બેસી રહ્યા નથી. ઘણાની જિંદગી તો સંધ્યાટાણે સૂરજની જેમ ઉગી છે - જેમ કે ચર્ચિલ અને જર્મનીના ચાન્સેલર એડેનોર જિંદગીમાં કોઈને વહેલી સફળતા કે ખ્યાતિ મળે છે, કોઈને ખૂબ મોડી મળે છે અને ઘણાને તો કદાચ મળે જ નહિ. પરિણામો આપણા હાથમાં નથી, કર્મ આપણાં હાથમાં છે. માણસે પોતાને સંતોષ થાય અને જીવન સાર્થક લાગે તેવું કાર્યક્ષેત્ર નક્કી કરી નાખવું જોઈએ અને પછી તેમાં ગૂંથાઈ જવું જોઈએ. જીવવાનું બંધ ન કરો. આપણે ત્યાં માણસો મનથી હારી જાય છે, વહેલા હારી જાય છે અને મનથી વહેલાં નિવૃત્ત થઈ જાય છે અને થાકીને બેસી જવાની તૈયારી કરે છે. જીવનનું સત્ય અર્થશાસ્ત્રીના સત્ય કરતાં વધારે મહત્વનું છે. જીવનનું સત્ય મનની શાંતિ અને સ્વસ્થ જીવનશૈલી થકી પ્રગટ થાય છે, અર્થશાસ્ત્રનું સત્ય માથાદીઠ આવક અને જી.ડી.પી. થકી પ્રગટ થાય છે. પ્રેમ, શ્રદ્ધા, વિશ્વાસ, હાસ્ય અને જીવવાની પ્રબળ ઈચ્છાનું મેડીકલ મૂલ્ય ઘણું છે. જીવનમાં સાવ નકામી બાબતો હઠપૂર્વક ખંખેરી નાખ્યા સિવાય ખરા સ્વરાજ્યની શરૂઆત થતી નથી. ઘણીવાર આપણો શાંત અને સુરક્ષિત

જિંદગીના ખ્યાલમાં વધૂ પડતાં ઠંડા અને કાયર બની જઈએ છીએ.

જીવન જીવતાં શીખો, જીવવા માટે જીવન શીખો.

આપણી પાસે કંઈ નથી. એ વાક્ય કદાચ સત્ય, અસત્ય કે અર્ધસત્ય હશે... પણ આપણું કાંઈ નથી એ પૂર્ણ સત્ય છે, માટે બે હાથ જોડો એનાં કરતાં એક હાથ કોઈ તરફ લંબાવો તો એ પણ પ્રાર્થના જ કહેવાશે, એમાં માનવનું ગૌરવ જળવાશે. પૈસા માટે પરસેવો પાડનાર ઘણાં છે... પણ પર-સેવા માટે પરસેવો પાડનાર ઓછા છે. આપણે યાદ રાખવું જોઈએ કે આપણે દુનિયાના દેવાદાર છીએ. દુનિયા માટે આપણે કંઈક કરી શકીએ તે આપણને મહાન તક મળી છે તેમ સમજવું. દુનિયાને મદદ કરવામાં આપણે આપણી જાતને મદદ કરીએ છીએ. આપણે એવી પ્રતિજ્ઞા લઈએ કે રોજ એક સુકૃત્ય કરવું, જેથી કંઈ નહીં તો એટલું સ્મરણ દિવસમાં રહે અને એક શુભ કાર્યના પૂણ્યમાં આખો દિવસ સારો ગયો એમ કહી શકાય. દિવસ ગમે તેવો ગયો હોય પણ તેને માથે એક સુકૃત્યનો ચાંદલો લાગ્યો એટલે આખો દિવસ પવિત્ર બન્યો. પરભવ કરતાં આ ભવમાં જ જીવનની મહત્તા સમજવા જેવી છે. આજ સમજણ આપણને માનવતાવાદી નહીં પણ માનવતાધારી એવા સારા અને સાચા માનવી બનાવશે. જ્યારે મનુષ્ય અન્યના સુખનો વિચાર કરે છે ત્યારે માનવતા મહેંકી ઉઠે છે. ધ્યાનમાં રહે કે આ જગત હજુ પણ કેટલાક પવિત્ર શબ્દોને આધારે ટકી રહ્યું છે, પ્રેમ, કરૂણા, સત્ય, અહિંસા, શાંતિ, મૌન, સરળતા, નિખાલસતા, પરોપકાર વગેરે વગેરે. એક કવિએ કહ્યું છે કે

''ક્યારેક ઉદાસીની આગ છે જિંદગી
ક્યારેક ખુશીનો બાગ છે જિંદગી
હસતો અને રડાવતો રાગ છે જિંદગી
પણ આખરે તો કરેલા કર્મોનો જવાબ છે જિંદગી
અને એટલા માટે જ આપણા બધા નાના મોટા કર્મોની વીડીઓ કેસેટ ઉતરી રહી છે એવો ખ્યાલ રાખીને જીવવું તેજ આસ્તિકતા છે.

મારે દરેક વાંચક ને જાગૃતિપૂર્વક જીવવાનો સંદેશો આપવો છે ''તમે રોજેરોજ જીવી જજો'' Moment to Moment awareness – પ્રતિક્ષણ જાગરૂકતા

અને અંતમાં...

''સઘળા સુખે સૂઈ રહો છો
આપણે તો ભાઈ જાગતા રહેશું,
સાદ પાડીને શેરીએ શેરીએ
ઉંઘતાનેય જગાડતા રે'શુ
આપણે તો ભાઈ, જાગતે રે'શુ.

સ્વયં જાગવું એ દુનિયામાં સૌથી અઘરું અને અગત્યનું કામ છે. આપણે ભલે કોઈનો આધાર ન બની શકીએ પણ કોઈકને આશ્વાસન તો આપી જ શકીએ.

આ લેખ વાંચી તમારી સ્નેહશક્તિ જાગ્રત થાય તો મારા માટે શ્રમસાફલ્ય.

**बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला**

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक । *नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्ट्रूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
**Mob.: 9820002953 • Tel.: 022-24121234** Advt.

# વીલ કરતી વખતે કઈ બાબતો ધ્યાન પર લેવી ?

■ કિશોર એમ. શાહ (સૉલિસિટર)

**પ્રશ્ન :** વીલ કરતી વખતે કઈ બાબતો ધ્યાન પર લેવી ?

**ઉત્તર :** કાયદા પ્રમાણે વીલનું રજિસ્ટ્રેશન Sub-Registrarમાં ફરજિયાત નથી. વીલનું સબ-રજિસ્ટ્રાર પાસે રજિસ્ટ્રેશન બે રીતે થઈ શકે છે. એક તો એને Open Will કહેવાય છે. એટલે કે ઓપન વીલમાં વીલ કરનાર વ્યક્તિ સબ-રજિસ્ટ્રારમાં જઈને રજિસ્ટ્રારની સામે સહી કરે છે. રજિસ્ટ્રાર તેની કૉપી રાખે છે. Original Will પર સ્ટૅમ્પ મારે છે કે કયા દિવસે વીલ કરનાર વ્યક્તિએ સબ-રજિસ્ટ્રાર પાસે આવીને Declare કરેલું છે. આનાથી ફક્ત એટલું જ સાબિત થાય છે કે Testedor વીલ કરનારની સહી ભવિષ્યમાં ચૅલેન્જ નથી કરી શકતો. Testedor એટલે જે વ્યક્તિ વીલ કરે છે તેને Testedor કહેવાય છે. વીલ સબ-રજિસ્ટ્રાર સામે Declare કરતી વખતે બે વ્યક્તિની as a witness હાજરીની પણ જરૂરત છે. આમાં એક વસ્તુ ધ્યાન રાખવી કે સબ-રજિસ્ટ્રાર પાસે Open Will Declare કરાવેલું હોય તો વીલ કરનારની સહી ચૅલેન્જ નથી કરી શકાતી, પણ વીલમાં લખેલી વસ્તુઓ ગેરકાયદેસર હોય તો તેને ચૅલેન્જ કરી શકાય છે.

**પ્રશ્ન : Sub-Registrar પાસે વીલ Declare કરાવવાનું અને ત્યાર પછી તે વીલ Deposit કરવાનું.**

**ઉત્તર :** ઓપન વીલ પછીના સ્ટેજ પર જવું હોય તો વીલ કરનાર એટલે કે ટેસ્ટેટર વીલ સબ-રજિસ્ટ્રાર પાસે Declare પણ કરાવી શકે છે અને ડિક્લેર કરાવેલું વીલ Sub-Registrarમાં Deposit પણ કરી શકે છે. આ એક જાતનું ફૂલપ્રૂફ સોલ્યુશન છે. રજિસ્ટ્રેશન વખતે જેણે વીલ કર્યું હોય એણે પોતે જવું પડે છે. બે વિટનેસને હાજર રાખવા પડે છે. વીલ સબ-રજિસ્ટ્રાર પાસે Declare કરાવ્યા પછી તે Original વીલ Sub-Registrarને આપી દેવું પડે છે. આ રજિસ્ટ્રેશન કરાવ્યા પછી સબ-રજિસ્ટ્રાર તેની રસીદ આપે છે કે જે જેણે વીલ કર્યું હોય તેણે સાચવી રાખવું પડે છે. તેના ગુજરી ગયા પછી જ Sub-Registrar પાસે Depsoit કરેલું વીલ તેના Sub-Executorને પાછું મળે છે. ભવિષ્યમાં આમાં ફક્ત એક જ પ્રોબ્લેમ થઈ શકે કે. એક વખત Sub-Registrarમાં વીલ Depsoit કરી દીધું હોય અને ત્યાર પછી જો નવું વીલ કરવું હોય તો રજિસ્ટર્ડ કરેલું પહેલું વીલ પાછું ખેંચી લેવું પડે છે અને ત્યાર પછી જ નવું વીલ થઈ શકે છે. વીલ પર કોઈ જાતની Stamp Duty નથી ભરવી પડતી, પરંતુ Sub-Registrar પાસે રજિસ્ટર્ડ કરાવવાનું હોય તો તેની નોમિનલ ફી ભરવી પડે છે. Registration Act 1908ના સેક્શન 17 પ્રમાણે કયા કયા દસ્તાવેજો રજિસ્ટર્ડ કરાવવા પડે છે તેનું List આપવામાં આવેલું છે.

**રજિસ્ટ્રેશન Act 1908ના સેક્શન 17 પ્રમાણે વીલનું રજિસ્ટ્રેશન ફરજિયાત છે જ નહીં.**

સબ-રજિસ્ટ્રાર પાસે વીલ કરનાર વ્યક્તિ એટલે કે ટેસ્ટેડર તેની હયાતી દરમિયાન ગમે ત્યારે કરાવી શકે છે અને કોઈ કારણસર સંજોગો બદલાય તો જૂનું વીલ કૅન્સલ કરીને નવું વીલ Deposit કરાવી શકાય છે. કોઈ પણ વીલ કરનાર વ્યક્તિ જેને Sub-Registrar પાસે વીલ Deposit કરેલું હોય તેણે વીલના Executorને ખાસ કહી રાખવું. વીલ રજિસ્ટ્રાર પાસે વીલ Deposit કરાવેલું છે અને તેની રસીદ પણ તેની પાસે જ છે, કારણકે સબ-રજિસ્ટ્રાર રસીદના આધારે Executorને તે વીલ પાછું આપે છે. એક વખત Sub-Registrar પાસે વીલ Deposit

કરાવેલું હોય અને જો કોઈ કારણસર નવું વીલ કરવું પડે તો તે નવું વીલ પણ Sub-Registrar પાસે Deposit કરવું advisory છે.

**પ્રશ્ન : વીલ કરતી વખતે કઈ વસ્તુનું ધ્યાન રાખવું?**

**ઉત્તર :** સામાન્ય રીતે Sub-Registrar પાસે વીલ Deposit કરાવવાની જરૂર ન હોય ત્યાં સુધી ન કરાવવું. ફક્ત બહુ જ મોટું કુટુંબ હોય અને તે કુટુંબમાં બાપદાદાની વારસાગતમાં ઘણી Movable કે Immovable પ્રૉપર્ટી હોય અને વીલ કરનાર વ્યક્તિની મોટી ઉંમર હોય અને તેના મનમાં ડર હોય કે તેના ગુજરી ગયા પછી કુટુંબમાં તેના વીલને લગતા મતભેદો પડશે તો જ વીલ Sub-Registrar પાસે Declare કરાવવું કે Deposit કરાવવું.

**પ્રશ્ન : વીલ કરવા માટે બીજી નાની નાની કઈ વસ્તુનું ધ્યાન રાખવું.**

**ઉત્તર :** સૌથી પહેલાં વીલ કરનાર વ્યક્તિના નામનો ૧૦૦ રૂપિયાનો Stamp Paper લેવો, કારણકે Stamp Paper પર તારીખ હોય છે એટલે એટલું તો સાબિત થઈ જાય કે વીલ Stamp Paper જે તારીખ છે ત્યાર પછીનું જ છે અથવા તો તે તારીખનું છે.

થઈ શકે તો વીલ Notary પાસે Declare કરાવવું.

વીલ નોટરી પાસે Declare કરાવવું ફરજિયાત નથી, પરંતુ વીલ નોટરી પાસે Declare કરાવેલું હોય તો વીલ કરનાર વ્યક્તિએ નોટરી કરનાર પાસે જઈને રજિસ્ટર્ડમાં સહી કરવી પડે છે. કોઈ પણ Advocate જ ફક્ત નોટરી કરી શકે છે. તે એક જાતની જવાબદારીનું કામ છે. Notary તે વીલ પર Stamp લગાડે છે. Sel લગાડે છે. વીલ કરનાર વ્યક્તિની રજિસ્ટર્ડમાં સહી લે છે. બાકીના બે સાક્ષીઓ પણ તે વખતે વીલ પર Witness તરીકે સહી કરે છે. નોટરી કર્યાના ફીની રસીદ આપે છે. નોટરી પાસે વીલ Declare કરવાનો ફાયદો એ છે કે ભવિષ્યમાં વીલ કરનારની સહી સાચી છે કે નહીં તે સાબિત કરવું લગભગ અશક્ય થઈ જાય છે.




Luxurious Family & Couple Tour
શ્રી રાજયશ હોલીડેસ સંગાથે
ચાલો ભુતાન
(અતિસુંદર, શાંત, સ્વચ્છ) (ફુટસોલીંગ, પારો, થીમ્પુ, પુનાખા, ચૌખા, ગેડુ )
દિવસ : ૮/૯
EX. બાગડોગરા એરપોર્ટ / એનજેપી સ્ટેશન
દિવસ : ૬/૭ – EX. પારો એરપોર્ટ
ફેબ્રુ : તા. ૭ (સિનિયર સીટીઝન સ્પેશીયલ)
માર્ચ : તા. ૨૦ એપ્રિલ : તા. ૨૪ મે : તા. ૧, ૮,૧૫,૨૨,૨૯ જુન : તા. ૫
Deluxe Hotels, Pure Veg & Jain food by Marwadi Cook, Toyota Coach.
Special Air Package





દાર્જીલીંગ – સીક્કીમ
માર્ચ : તા. ૨૧, ૨૨ એપ્રિલ : તા. ૧૭, ૧૮, ૨૪, ૨૫
મે : તા. ૨, ૯,૧૬,૨૩,૨૬,૩૦
દિ. ૧૧/૧૨ : ગેંગટોક, પેલીંગ, લાચુંગ, યુમથાંગ, દાર્જીલીંગ
Deluxe હોટલ્સ, બોલેરો / સુમો દ્વારા પ્રવાસ, Pure Veg & Jain food by Marwadi cook
Go Cashless : Pay by Credit Card / Paytm / Online / NEFT
ગ્રુપ-મંડળ-સંસ્થા માટે સ્પેશિયલ રેટ
7, Geeta Estate, Gr. Floor, I.B. Patel Road, Goregaon (E), Mumbai-400 063.
Tel. +91-22-2685 5172 / 2685 5739 Mob. : 99672 97027 / 98694 37125
Email : raiyashholidays@gmail.com www.rajyashworld.com
શ્રી Rajyash Holidays
Advt.

**જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા નીચેનાં સર્વે સેન્ટરો તથા સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે**

| S.No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Juhu Beach | 01-01-1992 | Haresh Parekh | 9820302760 | Kirti Shah | 9323041653 |
| 2 | North West | 06-01-2012 | Parag Shah | 9324911111 | Amit Parekh | 9819150539 |
| 3 | Royale Jagdusha | 06-01-2013 | Jethalal Dedhia | 9967771140 | Mitesh Ambavi | 9324027366 |
| 4 | Netrang | 08-01-2012 | Deepakbhai Gandhi | 9427158600 | Hetalkumar Patwa | 9913229151 |
| 5 | Satna | 11-01-2009 | Jayesh Parekh | 9893035572 | Arul Vora | 9425173536 |
| 6 | Veraval | 11-01-2014 | Uday Shah | 7567939393 | Jayprakash Bhavsar | 9427388242 |
| 7 | Malad | 16-01-1993 | Mahendra Panchamiya | 9892362629 | Mahendra Panchamiya | 9892362629 |
| 8 | Amrutnagar | 18-01-1996 | Anil Doshi | 9324081810 | Chetan Chhabhadia | 9819079998 |
| 9 | Rajkot | 19-01-1996 | Bharat Parekh | 9825029186 | Dinesh Modi | 9825112595 |
| 10 | North East | 20-01-2002 | Nitin Sanghavi | 9821557000 | Ramesh Morbia | 9869051492 |
| 11 | Nerul | 20-01-2013 | Jigar Mehta | 9821329070 | Tatsu Dharamsey | 8879640070 |
| 12 | Kandivali | 24-01-1990 | Sanjay Shah | 9821050169 | Jagdish Vora | 9821879335 |
| 13 | Dahisar | 27-01-1996 | Chandrakant Shah | 9322990772 | Nitin Shah | 9321134859 |
| 14 | Borivali | 27-01-2005 | Manikant Kothari | 9324686519 | Praful Kamdar | 9820038664 |
| 15 | Limbdi | 30-01-1994 | Hemendra Shah | 9825224491 | Pravin Champaneri | 9427215865 |
| 16 | Mahuva | 30-01-2000 | Tushar Doshi | 9428992451 | Haresh Doshi | 9825491772 |

## JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

| Sr. No. | Name | Date of Birth | Mobile No. | Email ID |
|---|---|---|---|---|
| 1 | Hasmukh K. Dedhia | 17-12-1975 | 9820229626 | hkdedhia@yahoo.com |

## JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD & CHARITABLE TRUST
## Important Programmes / Events by JJC Centres : 2016-17

| DATE | DAY | FUNCTION | PLACE | TIME |
|---|---|---|---|---|
| 08-01-2016 To 17-01-2016 | Friday To Sunday | JJC Vasai Samet Shikharji Mahayatra | | |
| 09-01-2016 | Saturday | JJC Juhu Beach Silver Jubliee | | |
| 10-01-2016 | Sunday | JJC Kalanagari Vadodara Yuva Mela | | |
| 12-01-2016 | Tuesday | Felicitation of Ramesh Morbia | | |
| 18-01-2016 | Monday | JJC Amrutnagar Dvidashabdi | | |
| 24-01-2016 | Sunday | JJC Kandivali Yuva Mela | | |
| 24-01-2016 | Sunday | JJC Hyderabad Medical Camp | | |
| 24-01-2016 | Sunday | JJC Ankleshwar Chabutara Khat Mahurat | | |
| 07-02-2016 | Sunday | JJC Deesa Installation | | |
| 14-02-2016 | Sunday | JJC Surendranagar Samuh Lagna | | |
| 14-02-2016 | Sunday | JJC Ladies Wing Gondal New Centre Opening | | |
| 20-02-2016 | Saturday | JJC Central Board Office Bearer Felicitation By Mumbai Centre | | |
| 23-02-2016 | Tuesday | JJC Ladies Wing Central Mumbai Installation | | |
| 13-03-2016 | Sunday | JJC Vile Parle Star voice of JJC Singing Competion | Bhaidas Hall | |
| 20-03-2016 | Sunday | Kutch Meet Mandvi | | |
| 20-03-2016 | Sunday | JJC Ladies Wing Anjar New Centre OPening | | |
| 27-03-2016 | Sunday | North Gujarat Meet | | |
| 02-04-2016 | Saturday | Education Felicitation Ceremony | | |
| 24-04-2016 | Sunday | Programme of Felicitation of Kirtibhai Sakhpara & Installation of Managing Committee of JJC Bhavnagar | | |
| 24-04-2016 | Sunday | JJC Ladies Wing Bhavanagar New Centre Opening | | |
| 28-04-2016 | Thursday | JJC Ladies Wing Dahisar New Centre Opening | | 4.30 P.M. |
| 30-04-2016 | Saturday | Educational Theame Base Musical Orchestra (Premier Show) | | 8.00 P.M. |
| 05-06-2016 | Sunday | JJC Morbi New Committee Installation | | |
| 05-06-2016 | Sunday | JJC Anjar Cricket Tournament | | |
| 12-06-2016 | Sunday | JJC Kolhapur New Committee Installation | | |
| 26-06-2016 | Sunday | JJC Gujarat Centres Committee Members Meet | Ahmedabad | |
| 15-08-2016 | Monday | JJC Ankleshwar Chabutara Opening | | |
| 17-09-2016 TO 19-09-2016 | Saturday TO Monday | JJC Central Board Conference | Goa | |
| 25-09-2016 | Sunday | JJC Bilimora Yuva Mela | | |
| 25-09-2016 | Sunday | JJC Nakhatrana Education Award Programme | | |
| 16-10-2016 | Sunday | JJC Ankleshwar Yuva Mela | | |
| 16-10-2016 | Sunday | JJC North East, Gem Jagdusha, Royale Jagdusha, North West, Ghatkopar, Golden Garodia, Chembur, Sion Matunga, Bhanudp Vikhroli, Mulund, Navi Mumbai, Vashi, L/W Mumbai East Sharadpurnima Dandia Programme | | |
| 17-10-2016 | Monday | JJC Chembur Birthday Celebration | | |
| 12-11-2016 | Saturday | Samuh Lagna Invitation Card Distribution | | |
| 20-11-2016 | Sunday | JJC Sayaji Nagari Vadodara Yuva Mela | | |
| 22-11-2016 | Tuesday | Samuh Lagna Karyavar Distribution | | |
| 03-12-2016 | Saturday | JJC Central Board Samuh Lagna | | |
| 11-12-2016 | Sunday | JJC Surendranagar Samuh Lagna | | |

# Co-Ordinator Chart

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Sanjay Shah | Ramesh Morbia | Jitendra Kothari | Praful Kamdar | Kishor Sheth | Jayanti Chhadva | Uday Sanghvi | Anil Doshi | Ramesh Sanghvi | Rajesh Gandhi | Rajesh Bhansali | Chandrakant Shah |
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| Vijay Mehta | Bhavin Shah | Pinky Mandawat | Ketan Zalmora | All Mumbai Centre | Jayesh Avlani | Chandrakant Shah | Pradeep Shah | Hitesh Shah | Hitesh R. Shah | Vijay Mehta | Vinod Dhoka |
| | Danny Shah | Ashok Navalkha | Kashmira Harde | | Lalit Vora | | | | | | Jignesh Bhayani |
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| Kalawad | Anjar | Bhilwara | Deesa | Kolhapur | Dhoraji | Surendranagar | Bhavnagar | Botad | Kalanagari Vadodara | Ellisbridge | Ankleshwar |
| Jamnagar | L/W Anjar | Chittorgarh | Diodar | Nandurbar | Gondal | L/W Surendranagar | L/W Bhavnagar | Paliyad | L/W Kalanagari Vadodara | Karnavati | L/W Ankleshwar |
| Jamnagar West | Bhachau | Nimbahera | Bhabhar | Yavatmal | L/W Gondal | Chotila | Dhandhuka | Ranpur | Tirthnagari Karjan | L/W Ahmedabad | Bilimora |
| L/W Jamnagar | Bhuj | Nathdwara | Kalol | | Jetpur | Limbdi | Mahuva | Gadhda | Sayajinagari Vadodara | | Suryapur Surat |
| Rajkot Main | Gandhidham | Udaipur | Mehsana | | Junagadh | Wadhwan | Palitana | Mandal | | | L/W Surat |
| Rajkot Mid Town | Mandvi | L/W Udaipur | L/W Mehsana | | Porbunder | Thara | Talaja | | | | Netrang |
| L/W Rajkot | L/W Mandvi | Toranto | Patan | | Upleta | | | | | | Udhna |
| Sudan | Madhapar | Indore | Himmatnagar | | Veraval | | | | | | Umbergaon |
| | Mundra | | Unjha | | | | | | | | Vapi |
| | Nakhatrana | | Visnagar | | | | | | | | L/W Vapi |
| | Rapar | | Thara | | | | | | | | |
| | Vardhman Nagar Bhujodi | | Una | | | | | | | | |
| | Chennai | | Raipur | | | | | | | | |
| | Coimbatore | | Satna | | | | | | | | |
| | Hyderabad | | | | | | | | | | |
| | Kolkatta | | | | | | | | | | |

# જેજેસી-સેન્ટ્રલ બોર્ડના ૨૨મા સમૂહલગ્નના કરિયાવરની તસવીરી ઝલક...


























Its Now
or Never !!!
સુપર Early Bird
ડિસ્કાઉન્ટ !!
Summer 2017
ગ્રાન્ડ યુ.એસ.એ
૨૩ દિવસ
બેસ્ટ ઓફ યુરોપ
૧૪ દિવસ
ગ્રાન્ડ યુરોપ
૧૯ દિવસ
મેગ્નીફીસેન્ટ યુરોપ
સાથે લંડન
૧૪ દિવસ
સાઉથ આફ્રિકા
૧૨ દિવસ
ફાર ઈસ્ટ
૧૫ દિવસ
૧૦,૦૦૦ ડિપોઝીટ આપી ને બુક કરાવો. બાકીની અમાઉન્ટ ૨૦૧૭ માં આપો
KALBADEVI (HEAD OFFICE)
40622205 / 40622206 / 40622207
Advt.



Guideline™
making travel an art!
sales@guidelinetravels.com
KANDIVALI
28061515
GHATKOPAR
21021155
MULUND
25919100

# જેજેસી-સેન્ટ્રલ બોર્ડના ૨૨મા સમૂહલગ્નની તસવીરી ઝલક...



















# આપણાં બાળગીતો અને જોડકણાં

■ હરીશ શાંતિલાલ મહેતા

ચાચા નહેરુનું હજી પણ ભારતીય સમાજમાં માનભર્યું સ્થાન છે અને તેથી જ તેમના જન્મદિવસને 'બાળ દિન' તરીકે ઊજવવાની ચાલી આવતી પરંપરા સરકારી સ્તરે પડાતી ફરજને શાળાઓએ સાચવવી પડે છે, પણ જે આનંદ, ઉલ્લાસ ઉજવણીનો હોય છે તે બાળમાનસમાં હોય છે ખરો. ગુજરાતી બાળકોને અંગ્રેજી ભાષામાં ભણાવવા માંડ્યાં એટલે માતૃભાષા પ્રત્યેનું મમત્વ ઘટે તે સ્વાભાવિક છે. ગુજરાતી બાળકો હવે માતૃભાષા સુપેરે બોલી નથી શકતાં. તેમના ગુજરાતી ઉચ્ચારો પણ આઘાત પહોંચાડનારા હોય છે અને સામા પક્ષે મોમ અને ડેડ અંગ્રેજી બોલવાના ધખારામાં ભાંગરો વાટે છે.

આપણી ભાષાનું બાળસાહિત્ય ખૂબ જ ઉચ્ચ કક્ષાનું હતું. કાળક્રમે અને વણવપરાશને કારણે ભૂલાવા માંડ્યું, ક્યાંક ક્યાંક અમુક બાળગીતો અને જોડકણાં કે ઉખાણાંનો ઉલ્લેખ જોવા મળે ત્યારે હૈયાને ટાઢક વળી જાય તેટલો આનંદ થાય છે. બાળજગતમાં જોડકણાં અને ગાઈ શકાય તેવાં ગીતોની અલગ અને અનોખી જગ્યા છે. એ ગીતોમાં આનંદ સાથે જ્ઞાનનો ભંડાર છે, ગમ્મત છે અને મસ્તી છે. બાળકો સાથે વડીલો પણ ગાતાં જાય અને ભાષાનો સમૃદ્ધ વારસો નવી પેઢીને આપતા જાય. આ જોડકણાં, ગીતો, ઉખાણાં સાથે નવા શબ્દો શીખવાના, નવી વાતો શીખવાની અને સંસ્કારોનું સિંચન થાય. આનંદ મળે તે વધારાનો ગણો.

*દાદાનો ડંગોરો લીધો, તેનો તો મેં ઘોડો કીધો,*
*ઘોડો ચાલે રૂમઝૂમ, ધરતી ધ્રૂજે ધમધમ...*

નાનકડા ઘરમાં લાકડી બે પગ વચ્ચે ભરાવીને કૂદતાં કૂદતાં ગાતાં બાળકને જોઈ સમગ્ર પરિવાર આનંદના હિલોળે ચડે. આજનો બાળક ટીવીની સિરિયલો અને વીડિયો ગેમ વચ્ચે અટવાઈ ગયો છે. બાળક બીઝી રહે છે, પણ આનંદ અને ઉત્સાહની ઓટ આવી ગઈ છે. રમીને મનથી અને તનથી થાકી જાય તેવી વીડિયો ગેમ તથા ધૂમધડાકા કરતાં રમકડાં બાળકોને ઉત્તેજના, સાહસ, આનંદ આપનારાં નથી રહ્યાં.

*'મેં એક બિલાડી પાળી છે, તે રંગે બહુ રૂપાળી છે,*
*તે હળવે હળવે ચાલે છે, ને અંધારામાં ભાળે છે.'*

માત્ર થોડી પંક્તિ દ્વારા બિલાડી નામના જાનવરની આખી ઓળખ આપી દેવામાં કવિ ત્રિભુવન વ્યાસનાં ગીતો ખૂબ જ ખ્યાતિ પામ્યાં હતાં. આ ઉપરાંત સુન્દરમ્, રતિલાલ નાયક, ગિજુભાઈ, સોમાભાઈ પટેલ અને સ્નેહરશ્મિ જેવા ટોચના કહી શકાય તેવા સાહિત્યકારોએ બાળગીતોમાં મોટું પ્રદાન કર્યું છે.

*પરોઢિયે પંખી જાગીને ગાતાં મીઠાં તારાં ગાન,*
*પરોઢિયે મંદિર મસ્જિદમાં ધરતાં લોકો તારું ધ્યાન.*

આવી પ્રાર્થનાઓ ઘરમાં ગવાતી ત્યારે બાળમાનસ પર પ્રભાતમાં સોનેરી સપનાં સવાર થતાં, ઈશ્વર પર શ્રદ્ધા વધતી અને સાથોસાથ ભાષાજ્ઞાન વધતું.

*જાગો ઊઠો, થયું સવાર, પંખીઓ કરતાં કિલકિલાટ,*
*દહીં વલોણા ઘર ઘર થાય, દળણાં દળતી માડી ગાય.*

બાળસાહિત્યમાં બાળવાર્તાઓનું પણ વિશેષ મહત્ત્વ છે. બાળકમાં અક્ષરજ્ઞાન આવ્યા પછી કિશોરાવસ્થામાં વાંચનને થોડું વધુ ભારે, પણ રસપ્રદ બનાવવામાં અંગ્રેજી સાહિત્યના ફિક્સન કૅરેક્ટર જેવા આપણી ભાષાનાં બકોર પટેલ, શકરી પટલાણી, વાઘજીભાઈ વકીલ, ડૉ. ઊંટડિયા કે હાથીભાઈ એટલે હરિપ્રસાદ વ્યાસના કૅરેક્ટર. ગમ્મત સાથે જ્ઞાન આપતી બકોર પટેલની વાતો અદ્ભુત હતી. આવું જ જીવરામ જોષીનાં પાત્રો મિયાં-મહાદેવની જોડી જેવા અતૂટ મૈત્રી ધરાવતા મિયાં ફૂસકી અને તભા ભટ્ટ હોય કે સાહસિક જોડી છેલ અને છબો કે અડૂકિયો-દડૂકિયો જેવી વાતો સાહસ અને સમજણ વધારનારી હતી, પણ કમનસીબે આ સાહિત્યના બાળવાચકો ઘટ્યા. ઘણી શ્રેણી ઈ-બુકમાં પ્રસિદ્ધ થવા માંડી. મૂળે યુગ પ્રમાણે સાહિત્ય તો બદલાય જ. મૂળ ભાષા ભૂલીને અંગ્રેજી ભાષાના વળગણે બાળકોનું નૈસર્ગિક બચપણ લૂંટી લીધું છે.

પાંચ-છ બાળગોઠિયા સાથે મળીને શીખેલાં બાળગીતો

કે બાળજોડકણાં ગાય તે તેમના બાલ્યજીવનનો સાચો આનંદ ખરો. જોડકણાં, ગીતો, ઉખાણાં કે બાળવાર્તાઓ બાળજીવનનો સાચો અને સાત્ત્વિક આનંદ છે. બાળદિનની ઉજવણી ત્યારે જ સાર્થક થાય જો બાળકો ખિલખિલાટ હસી શકે અને બેરોકટોક રમી શકે, ભણતરનો ભાર નહીં ને માસ્તરનો માર નહીં. આવી પરિસ્થિતિ સર્જાશે તો બાળમાનસનો વિકાસ થશે. દેશના ભાવિ માટે ઊગતા નાગરિકોનું માનસ પૂર્ણપણે વિકસે તે બહુ જરૂરી છે. કોઈક તો આગળ આવે અને બાળજગતના ઉત્કર્ષ માટે સહિયારો પ્રયાસ કરે.

**ગઈકાલનું જોડકણું**

**આવ રે વરસાદ, ઘેબરિયો પરસાદ,**
**ઊની ઊની રોટલી ને કારેલાનું શાક.**

**આજનું રિમેક**

**આવ રે વરસાદ, પિઝ્ઝાનો પરસાદ,**
**ગરમા ગરમ મંચૂરિયન ને વેજ કોલ્હાપુરી શાક.**

# પુસ્તકનું જીવનમાં મહત્ત્વ

પુસ્તકમાં સરસ્વતીનો વાસ છે. આપણે સદીઓથી પુસ્તકોની પૂજા કરીએ છીએ. પુસ્તકો જ આપણી શ્રેષ્ઠ મૂડી છે, જે ક્યારેય નષ્ટ નથી થતી, ક્યારેય ઘસાતી નથી.

પુસ્તકોથી આપણા સંસ્કારો ઊજળા બને છે. પુસ્તકો જ આપણા ઘરની શોભા છે. ગુણવંત શાહ જેવા વિચારક લખે છે કે જે ઘરમાં ૫૦ સારાં પુસ્તક ન હોય, તે ઘરમાં દીકરી આપવામાં જોખમ છે, કારણ એવા ઘરમાં સંસ્કારોનું અવમૂલ્યન થયું હોય છે. કોઈ વ્યક્તિનું મૂલ્યાંકન તો તે કેવા પ્રકારનાં પુસ્તકો વાંચે છે તે ઉપરથી થઈ શકે છે. તેના ચારિત્ર્યની કસોટી તો તે કેવા પ્રકારના વાંચનમાં રુચિ ધરાવે છે તે પરથી થઈ શકે છે. પુસ્તકો એટલે સમયના વિશાળ મહાસાગરમાં ઊભી કરેલી દીવાદાંડી. તે આપણને જિંદગી જીવવાની દિશા સૂચવે છે, જોખમથી સાવધ કરે છે, પુસ્તકો આપણા જીવનમાં પારસમણિની ગરજ સારે છે. કરોડો વિચારો અને પ્રતિવિચારો વચ્ચે આપણા વિચારોને અણિશુદ્ધ કરવા માટે પુસ્તકો જ ઉપયોગી થાય છે. માનવજાતનો ઉત્તમ મિત્ર એટલે પુસ્તક.

પુસ્તકો સનાતન છે. તેનાં સ્વરૂપો બદલાયાં છે. શરૂઆતનાં વર્ષોનાં સ્મરણ પુસ્તકો હતાં. ગુરુ પોતાનું જ્ઞાન ચેલાને કહે, ચેલો તેના ચેલાને કહે એમ આગળ વધતું. એ જ્ઞાનનો ફેલાવો કરવામાં જીભ, કાન અને યાદશક્તિ મુખ્ય ભાગ ભજવતાં હતાં. વર્ષો સુધી એ જ્ઞાન સચવાઈ રહેતું. આમ અનુભવના આધારે આ જ્ઞાન વર્ષો સુધી સ્મરણ પુસ્તકો દ્વારા સંગ્રહિત થઈને સચવાઈ જતું. ત્યારે બાદ પર્ણ (પાંદડાંનાં) પુસ્તકો આવ્યાં. મૂળ મહાભારત અને રામાયણ જેવા મહાન ગ્રંથો પર્ણ પર લખાયેલા હતા. તે પછી વખત આવ્યો કપડાં પર લખાયેલાં પુસ્તકોનો. કપડાં પર લખાયેલાં આગમ પુસ્તકો હજી કર્ણાટક રાજ્યના મૂળબિદ્રી નગરમાં સચવાયેલાં છે, પણ પછી ક્રાંતિનો યુગ આવ્યો. કાગળની શોધે જ્ઞાનના પ્રસાર ને પ્રચારના કાર્યમાં મોટી ક્રાંતિ સર્જી. પ્રિન્ટિંગ ટેક્નૉલૉજીની શોધ થઈ અને સત્યો, અસત્યો, વિચાર, પ્રતિવિચારો ઘરઘરમાં છવાઈ ગયાં. જબરજસ્ત ક્રાંતિનું આગમન થયું. પુસ્તકો પ્રસાર માધ્યમમાં કેદ થવાં લાગ્યાં. ઈલેક્ટ્રોનિક માધ્યમની મદદ વડે ઓછી જગ્યામાં લાખો પુસ્તકોનો સમાવેશ થવા લાગ્યો. એક જ 'સીડી'માં મોટાં મોટાં દસ-બાર પુસ્તકો સમાઈ જાય છે.

પણ હજી આપણને એ 'થિયરી' સ્વીકારતા વખત લાગશે. પુસ્તકોને આપણે સરસ્વતીનું રૂપ ગણીને તેની પૂજા કરીએ છીએ.

પુસ્તકોથી જ આપણા સંસ્કારમાં વધારો થાય છે. પુસ્તકો જ આપણા ઘરની શોભા છે. પુસ્તકો વડે જ આપણે યુગો પૂર્વેના વાલ્મીકિ, વ્યાસમુનિ કે મહાવીરસ્વામીના વિચારો જાણી શકીએ છીએ. પુસ્તકો ન હોત તો આપણે આર્ય ભટ્ટ, મિહિરઋષિ, ન્યૂટન, એરિસ્ટોટલ કે સૉક્રેટિસ જેવા વિદ્વાનો-વૈજ્ઞાનિકોના સંપર્ક શું સાધી શકયા હોત. મારા અનુભવની વાત લખું છું. હું ક્યાંય ન મળું, ત્યારે મારા પુસ્તકાલયમાં જ મારાં મિત્રો-સગાં શોધતાં આવે છે, કારણકે લાઈબ્રેરીમાં બેસી પુસ્તકો વાંચવા એ મારો પ્રિય 'પાસટાઈમ' છે. મને વાંચનનું વળગણ છે, પણ મારા કેટલાક સુશિક્ષિત મિત્રો પાસેથી એમ સાંભળવા મળે કે આ માણસ લાઈબ્રેરીમાં જઈ શા માટે સમય વ્યર્થમાં વેડફી નાખતો હશે ત્યારે ખૂબ દુઃખ થાય છે. હકીકતમાં મને તેમની દયા આવે છે, કારણકે તેઓ પુસ્તકો વાંચવાની ટેવ કેળવી શક્યા નથી. મને લાગે છે કે આપણા જેવા અર્ધવિકસિત દેશમાં પુસ્તકાલયોની ખૂબ જરૂર છે.

પુસ્તક વિનાનું ઘર એ બારી વિનાના ઓરડા જેવું છે. અંધકારમય-મૂંઝવી નાખે તેવું. *(આર્મેશકુમાર જૈન)*

# મકરસંક્રાંતિ : ઉત્સાહ, ઉમંગ અને ઉપાસનાનું પર્વ

■ હરીશ શાંતિલાલ મહેતા

*ચલી ચલી રે પતંગ મેરી ચલી રે,*
*ચલી આસમાં સે દૂર...*

દેશી હિંદી ફિલ્મનું આ ગાણું જીવનની ચાળીશી વટાવી ગયેલા રસિકજનોને બરાબર યાદ હશે. ઉતરાણ, પતંગ, ફિરકી, માંજો આ બધા શબ્દો ગુજરાતી પ્રજાને કાળજે કોતરાયેલા જ રહેશે. મકરસંક્રાંતિ ભલે આપણે ઉત્સાહ અને ઉમંગના સામાજિક તહેવાર તરીકે ઊજવીએ, પણ હકીકતે તે એક ખગોળીય ઘટના છે. આ તહેવાર એવો છે કે જે ૧૪મી જાન્યુઆરીએ જ આવે છે. મકરસંક્રાંતિને દિવસે સૂર્ય પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની દિશા બદલીને થોડો ઉત્તરની તરફ ઢળે છે. આથી આ કાળ કે સમયને ઉત્તરાયણ કહેવાય છે.

જ્યાં સુધી સૂર્ય પૂર્વથી દક્ષિણ તરફ ગમન કરે ત્યારે તેનાં કિરણોને ખરાબ માનવામાં આવે છે, પણ જ્યારે તે પૂર્વથી ઉત્તરની તરફ જાય ત્યારે તેનાં કિરણો સ્વાસ્થ્ય અને શાંતિ વધારે છે. આમ સૂર્ય ધન રાશિ છોડીને મકર રાશિમાં પ્રવેશ કરે છે તેથી સૂર્યદેવતાની ઉત્તરાયન ગતિને આપણે ઉત્તરાયણ તરીકે ઊજવીએ છીએ.

આપણે ગુજરાતની પ્રજાને તો ઉતરાણ એટલે પતંગ ઉડાડવાનો ઉત્સવ. પતંગ, કાનકૌવો, ઉડણિયો અથવા કાઇટના નામથી મશહૂર પતંગ હવે માત્ર ચતુષ્કોણિયો રહ્યો નથી. અડધિયો, ફૂદી, પૂંછડિયો જેવાં ઘણાં નામથી જાણીતો પતંગ માત્ર આપણા દેશમાં જ નહીં, પણ વિશ્વના ઘણા પ્રદેશોમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ચગાવાય છે. તાજેતરમાં મુંબઈમાં કાઈટ ફેસ્ટિવલમાં ભાગ લેવા આવેલ પરદેશી યુવાને લગભગ ૧૦૦ ફૂટ મોટો સૂર્યમુખાકૃતિવાળો પતંગ ચગાવીને લોકોને ઘેલું લગાડ્યું હતું. ગુજરાતમાં પણ પતંગમહોત્સવના નામે રાજ્ય સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે.

સમગ્ર ભારતમાં ઉત્તરાયણની ખગોળીય ઘટના વિવિધ પ્રકારના નામે ઉત્સવરૂપે ઊજવાય છે. દક્ષિણ ભારતમાં પોંગલ તરીકે અને પૂર્વ ભારતમાં માઘ બિહુ તરીકે ઊજવાય છે.

'કાઈપો છે'ની બુમરાણો સાથે ગુજરાતી ધાબાઓ, અગાશી, છાપરે કે મોટાં મેદાનોમાં જઈને પતંગની મજા માણે છે. પતંગોત્સવની ઉજવણી હવે મુંબઈ જેવાં મહાનગરોમાં અને જેજેસીનાં ઘણાં સેન્ટરો દ્વારા પણ કરવામાં આવે છે. સાથે ઊંધિયું, જલેબી, લોચો જેવી ગરમાગરમ વાનગીઓ આરોગવાનો તહેવાર છે. ખાસ કરીને આ સૂર્યદેવતાની ઉપાસનાનો ઉત્સવ છે. સવારના પહોરમાં ઉતરાણના દિવસે સૂર્યદેવતાનાં કિરણો ખૂબ જ કોમળ અને આરોગ્યપ્રદ હોય છે. તેથી એ દિવસે સૂર્યની સામે ઘડીક વાર નજર રાખવી અને સૂર્યપ્રકાશમાં ઊભા રહેવું આંખ અને શરીર માટે આરોગ્ય વધારનારું રહે છે. કમનસીબે આંખે ગૉગલ્સ પહેરીને પતંગ ઉડાડતા શોખીનોની જાણ ખાતર કે પતંગના બહાને સૂર્યકિરણોનો ઉતરાણના દિવસે આંખમાં પ્રવેશ કરાવવો આંખના તેજ માટે ઉત્તમ છે.

મહારાષ્ટ્રમાં પણ મકરસંસ્ક્રાંતિ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઊજવાય છે. 'તિલ ગુળ ઘ્યા, આણી ગોડ ગોડ બોલા' એટલે કે તલના લાડુ-ગોળ લ્યો અને તેવી જ મીઠાશથી બોલો જેવા દરેકના હાથમાં તલના લાડુ આપવામાં આવે છે. સૌભાગ્યવતી સ્ત્રીઓ માટે ઉતરાણ પછીનું પખવાડિયું 'હલદી-કંકુ' સમારંભો યોજાય છે, જેમાં સૌભાગ્યવતીના કપાળે હળદર-કંકુનો ચાંદલો કરીને, હાથ પર અત્તર લગાડીને આખાય વાતાવરણને સુગંધી અને મૈત્રીભર્યું બનાવી દેવામાં આવે છે તથા તેમને નાનાં-મોટાં ઉપયોગી વાસણોની લહાણી કરવામાં આવે છે. આ ત્યૌહારની શરૂઆત મહારાષ્ટ્રમાં કરાવવા માટે ઈન્દોરનાં મહારાણી અહિલ્યાબાઈને યશ મળે છે. બ્રિટિશ સરકાર સામે સામાજિક એકતા વધુ દૃઢ બનાવવા આ પ્રસંગનું આયોજન કરવામાં આવે છે.

ઉતરાણના દિવસે તલ, ગોળ, બોર, શેરડી વગેરેનું વિતરણ તથા ગાયોને ઘાસચારો અને ગરીબોને અનાજ

તથા ધાબળાનું દાન કરીને વિશેષ પુણ્યનું ઉપાર્જન કરવામાં આવે છે. પતંગ, માંજો ભલે આપણને આનંદ આપતા હોય, પણ માંજાની કાતિલતા વિશેષ કરીને ચાઈનીઝ માંજો જે પક્ષીઓ માટે જાનલેવા સાબિત થયો છે. મકરસંક્રાંતિનું ધાર્મિક મહત્ત્વ છે તેથી વધુ હવે સામાજિક ઉત્સવ બની ગયો છે. મકરસંક્રાંતિ ન આવે ત્યાં સુધી શુભ કાર્યો થતાં નથી. મહાભારતમાં પણ ભીષ્મપિતા જેઓને ઈચ્છા-મૃત્યુનું વરદાન હતું તેઓએ સૂર્ય મકરમાં આવે પછી જ મૃત્યુની ઈચ્છા રાખી હતી. ત્રેતાયુગમાં પણ ભગવાન શ્રીરામે પોતાના ભાઈઓ તથા હનુમાનજી સાથે પતંગ ઉડાડી હતી. શ્રીરામચરિતમાનસમાં બાલકાંડમાં ઉલ્લેખ કરતાં શ્રી તુલસીદાસજી કહે છે 'રામ ઈક દિન ચંગ ઉડાઈ, ઈંદ્રલોક મેં પહોંચ ગઈ.' એ પતંગ ઈંદ્રલોકમાં પહોંચી ગઈ જ્યાં ઈન્દ્રની પુત્રવધૂ અને જયંતની પત્નીએ એ પતંગ પકડી લીધો.

અંતે શ્રીરામે તેને ચિત્રકુટ પર દર્શન આપવાના વચન બાદ જ તેણીએ હનુમાનજીને પતંગ પરત કર્યો. આવું રસપ્રદ વર્ણન આપણાં શાસ્ત્રોમાં જ મળે છે.

ભારત સિવાય ચીન, જાપાન, મલયેશિયા, થાઈલૅન્ડ અને વિયેતનામ જેવા દેશોમાં પણ પતંગ ઉડાડીને સૂર્યઉપાસના કરવામાં આવે છે. આમ મકરસંક્રાંતિ પર્વનું ધાર્મિક, સામાજિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે. વધુમાં આપણા રાજકારણીઓ પણ આ ઉત્સવના આયોજન સાથે લોકસંપર્ક કરી લોકપ્રિય બનાવવાના પ્રયત્નો કરે છે.

સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય માટેના કારણરૂપ ત્રણ દેવો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવા દેવોને પોતાનામાં સંઘરીને સંસારને ગતિમાન રાખે છે. તેવા ભગવાન સૂર્યનારાયણની ઉપાસનાનું પર્વ એટલે મકરસંક્રાંતિ આપ સૌના જીવનમાં આરોગ્યપ્રદ જીવન, ધનવૈભવ અને ઉલ્લાસ-સંતોષ લાવે તેવી મંગળ કામનાઓ.

## લોકપ્રિય બનવા માટે શું કરશો ?

જીવનમાં ઘણીબધી ઈચ્છાઓ હોય છે, પરંતુ 'લોકપ્રિય' થવાની ઈચ્છા ખૂબ મહત્ત્વની અને અર્થપૂર્ણ બની રહે છે. જેનાથી જીવનની સાર્થકતા, જીવન જીવ્યાનું મહત્ત્વ, આત્મસન્માન, ગૌરવ વગેરેને પુષ્ટિ મળે છે. લોકો તમને ચાહવા લાગે અને તમારી હાજરી, તમારી કંપની વિશેષ પસંદ કરે એવું તમે ઈચ્છતા હો તો તમારે તમારી વાત સામેની વ્યક્તિ સાંભળ્યા કરે એમ કરવા કરતાં સામી વ્યક્તિને શાંતિથી સાંભળવાની ટેવ પ્રથમ તમારે પાડવી જોઈએ. જો તમે માત્ર તમારું જ હાંક્યે રાખશો તો તમારા મિત્રો તમારા તરફ ઓછું ધ્યાન આપશે અને કદાચ તમારાથી દૂર પણ ભાગવા માંડે.

કોઈ પણ વ્યક્તિ તમને વાત કહેતી હોય તો તે વાત શાંતિથી, સ્વસ્થ ચિત્તે, એકાગ્રતાથી સાંભળજો. જરૂર પડે વચ્ચે ટૂંકા પ્રશ્ન પૂછી તેને ઉત્સાહિત કરજો. તેની વાતમાં દલીલ કરવાથી દૂર રહેજો અને એમાંય સામેની વ્યક્તિ તમારાં માતા-પિતા, સાસુ-સસરા, મોટાં ભાઈ-બહેન કે વડીલ હોય તો કદાપિ દલીલ કરશો નહિ. એનાથી તમે એમનું અપમાન કર્યું એમ લાગશે. તમે એ વિશે જાણતા હો તોપણ સ્વસ્થતાથી સાંભળી લેજો. ખૂબ જ વિદ્વાન વ્યક્તિઓના સંપર્કમાં કે સમારંભમાં જાવ ત્યારે તેમની વાતો પણ ખૂબ સાવધાનીથી સાંભળજો, મનને અહીં તહીં ભટકવા ન દેશો, કારણ વગરની હિલચાલ કે અવાજ ન કરશો, ચાલુ કાર્યક્રમે ઊભા થઈને બહાર ન જશો, તમે એમનું પ્રવચન, વ્યાખ્યાન, સત્સંગ ધ્યાનપૂર્વક સાંભળો છો તેની પ્રતીતિ તેમને થવા દેજો. આમ કરવાથી તમે તેમનો પ્રેમ સંપાદન કરી શકશો.

જ્ઞાન-શિબિર કે પરિસંવાદમાં જાઓ ત્યારે અધવચ્ચેથી પોતાનું જ્ઞાન, હોશિયારી બતાવશો નહિ. તમારો ક્રમ આવે ત્યારે અથવા તમને પૂછવામાં આવે ત્યારે જ તેનો યોગ્ય જવાબ ટૂંકો અને મુદ્દાસર આપજો. 'પ્રમુખસ્થાનેથી' અથવા અન્ય સ્થાનેથી બોલવા ઊભા થાઓ ત્યારે ક્રમથી એ વિષયને લગતી તથા મહત્તાની વસ્તુઓ જ પ્રવચનમાં બોલજો. કોઈની નિંદા, આયોજકોની અણઆવડતનો ઉલ્લેખ નહિ કરતાં. આયોજકોનો ખાસ આભાર માનજો. આપવામાં આવેલ સમયથી વધારે બોલી લોકનજરમાં અપ્રિય ના થશો, કારણ લોકો બહુ બોલનારને લપલપિયો કહે છે.

જીવનમાં લોકપ્રિય થવા 'ઉધાર પૈસા' અને 'વણમાગી સલાહ' કદાપિ આપશો નહિ. વધારેપડતું મૌન, ખપપૂરતું બોલીને અને સ્નેહી કે મિત્રોને માનપૂર્વક અને પ્રેમથી બોલાવી, સ્નેહથી વર્તવાથી તમને 'લોકપ્રિય' થતું કોઈ રોકી શકશે નહિ...!

*'શુભમંગલપથ'માંથી સાભાર*

# पतंगो का पर्व मकर संक्रान्ति
## महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

मकर संक्रान्ति का पर्व हम पतंग उडाकर, और तिल्ली के लड्डू खा कर, दान दे कर, पशुओ को गुड और घांस खिलाकर मनाते है। आनेवाले हर व्यक्ति का मुँह मीठा कराया जाता है, भारत वर्ष पर्वो एवं देवी देवताओं से जाना जाता है। यहाँ हर पर्व का अपना इतिहास होता है, अपनी कहानी होती है। पर्व कैसे मनाना उसकी अपनी अलग परम्परा होती है, साथ ही इन पर्वो को मनाने में, आत्म कल्याण की भावना जुडी होती है।

कौरव पाण्डवो के समय की बात है, भीष्म पितामह की भीष्म प्रतिज्ञा के कारण उन्हें देवों ने इच्छा मृत्यु का वरदान दिया था, याने जब तक चाहे वे इस संसार में जी सकते है, और मृत्यु चाहने पर ही उन्हें मृत्यु मिलेगी। इस प्रकार का वरदान पाकर भीष्म पितामह जो मृत्यु के भय से निडर हो चुके थे। युद्ध के समय कोरवों ने उनसे वचन ले लिया था, कि जब तक आप जिवित है, पाण्डवों से युद्ध करते रहोगे। याने भीष्म पितामह का लक्ष्य, पाण्डवों को समाप्त करने का बन चूका था, किन्तु पाण्डवों की पत्नी पान्चाली को भी वे आशीर्वाद दे चूके थे, अखण्ड सौभाग्यवती भवः एक तरफ पाण्डवों को जीवन दान देने का आशीर्वाद तो दूसरी तरफ पाण्डवों को समाप्त करने का वचन। भीष्म पितामह शब्दों की माया जाल में फस चुके थे।

युद्ध शुरु होता है, कई दिनों तक भीष्म पितामह अपने पौत्र पाण्डवों से लडते रहे, वे बहुत दुखी थे। पाण्डवों को मार भी नहीं सकते थे, और बचा भी नहीं सकते थे। अचानक उन्हें पाण्डवों की तरफ से छोड़े बाण लग जाते है, बाणों से उनका शरीर वीन्द गया था, पुरे शरीर में बाण ही बाण हो गए थे, वे बाणों के सहारे पृथ्वी पर गिर जाते है। किन्तु उन्हें इच्छा मृत्यु का वरदान देवों से मिला था, इसलिये वे मर भी नहीं सकते थे, और शरीर बाणों से छिन्न भिन्न हो गया था, उस वजह से वे पाण्डवों को मार भी नहीं सकते थे। उस समय सूर्य कर्क सक्रान्ति से मकर सक्रान्ति की और गति कर रहा था, याने उत्तर से दक्षिण की तरफ और दक्षिण दिशा नेष्ट मानी जाती है। इसलिये उन्होंने बाणों की सय्या पर लेटे-लेटे प्रतिज्ञा ली जब तक सूर्य दक्षिण से उत्तर की और गति नहीं करेगा, में देह नहीं छोडुँगा। उन्हें बाणों से वेदना तो बहुत हो रही थी, पर क्षत्रिय थे, और उनके पास जीने का अभिप्राय भी था, वे समझ रहे थे, इस समय मैने देह छोडा तो मुझे सद्गति नहीं मिलेगी। जब सूर्य दक्षिण से उत्तर की ओर गति करेगा, उस समय मकर सक्रान्ति होगी, तब में देह छोडुँगा, और तभी मुझे सद्गति मिल सकती है। उन्होंने पौष सुदी पूर्णिमा के पश्चात् देह छोडा, उस दिन सूर्य ने दक्षिण से उत्तर की और भ्रमण करना शुरू कर दिया था।

ज्योतिष शास्त्र के अनुसार वर्ष में बारह सक्रान्ति होती है, और इन सक्रान्ति के साथ बारह राशी जुडी हुयी है। सूर्य छह माह तक उत्तर से दक्षिण की और भ्रमण करता है, और छह माह दक्षिण से उत्तर की ओर। एक वर्ष में बारह राशी और बारह सक्रान्ति होती है। पौष सुदी पूनम को मकर सक्रान्ति - इस दिन से सूर्य दक्षिण से उत्तर की और चलता है, और छह मास के बाद अषाढ सुदी पूनम से सूर्य वापस

उत्तर से दक्षिण की ओर भ्रमण करता है, इस तरह सूर्य की गति बनी रहती है। अषाढ सुदी पूनम से छह माह तक सूर्य दक्षिण की और रहता है, नेष्ट माना जाता है, और पौष सुदी पूनम से सूर्य दक्षिण दिशा छोडकर उत्तर की ओर चलता है, श्रेष्ठ माना जाता है।

बस पौष सुदी पन्द्रह को सूर्य मकर राशी में आ जाता है, और उसका भ्रमण उत्तर की ओर हो जाता है, इसलिये हम खुशियाँ मनाते है, गुड तिल्ली के लड्डु से लोगों का मुँह मीठा कराते है, और उन्हें मीठा बोलने का कहते है। साथ ही अच्छे दिनों में दान की महत्ता बतायी है, इस दिन लोग खूब दान करते है, पशुओं को घांस खिलाते है, गुड खिलाते है। राजस्थान में तेरह वस्तुयें दान देने के लिये निकाली जाती है। पंजाब में लौडी मनाते है, पंजाबी जैनों में सक्रान्ति का विशेष महत्व है, इस दिन लोग गुरु दर्सन को जाते है, उसे सक्रान्ति सुनते है। विक्रम संवत, वीर संवत, सन संवत आदि सन्तों से सुनते है, सन्त उन्हें माला फेरने का कहते है, मांगलिक देकर आशीर्वाद प्रदान करते है। इस दिन प्रकृति के स्वभाव में परिवर्तन आता है, सूर्य की गर्मी बढती है, दिन बडा होने लगता है, ऐसे में हमें भी अपने मन में परिवर्तन लाना है, जीवन को तिल-गुड के लड्डू खाकर मिठा बनाना है, वाणी में मिठास लानी है। बंगाल में दही पौहा खाने का रिवाज है, तो महाराष्ट्र में तिल्ली-गुड के लड्डू लोग एक दुसरे को खिलाते और मीठा बोलने को कहते। इस तरह दान देकर लोगों का मुँह मीठा करवाकर, अबोल पशुओं को अच्छा आहार देकर, सन्तों के दर्शन वंदन कर, उनसे सक्रान्ति सुनकर, मकर सक्रान्ति मनाई जाती है। उस दिन से सूर्य पृथ्वी के नजदीक आने लगता है, जिससे वातावरण में गर्मी बढने लगती है, और हवा कम हो जाती है। ऐसे में पतंग उडाकर हवा का माप निकला जाता है, पतंग उडाने की प्रथा गुजरात में है।

पृथ्वी से ११२ योजन दुरी पर सूर्य का भ्रमण चलता है, बारह माह में सूर्य १८४ मण्डल पुरे करता है, समतल भूमि से ७९० योजन पर तारा मण्डल है, ८०० योजन उपर सूर्य है, ८८० योजन उपर चन्द्रमा है, ८८४ योजन उपर नक्षत्र है, ८८८ योजन ऊपर बुद्ध गृह है, ८९१ योजन ऊपर शुक्र गृह है, और ९०० योजन पर शनि गृह है, इस तरह आकाश में ७९० योजन से ९०० योजन तक याने ११० योजन की परिधि में सूर्य, चन्द्र, गृह, नक्षत्र, तारामण्डल आदि है। एक मुहूर्त के १२२ वे भाग इतना दिन मकर सक्रान्ति से बढाता है और कर्क सक्रान्ति से एक मुहूर्त के १२२ वे भाग जितना दिन घटता है, उपरोक्त बातों का उल्लेख आगमों में मिलता है, एक योजन १४ किलोमीटर के बराबर होता है।

दिन का बडा होना शुभ है, और वह दिन मकर सक्रान्ति का दिन है, आगे चलकर इस दिन के आसपास १४ जनवरी होती है, यहाँ संवत सन से और मिति तारीख से मिलती जूलती है, मकर सक्रान्ति के अलावा अन्य त्योहारों पर तारीख फिक्स नहीं होती है, ८-१० दिन फर्क रहता है। किन्तु मकर सक्रान्ति के दिन १४ जनवरी होती है, ऐसा माना जाता है, कि यहाँ विज्ञान ज्योतिष से मिलता है, यह भारत की परम्परा है, यह देव भूमि की विशेषता है। हमें गर्व है, कि हम भारत वासी है, यहाँ हर त्यौहार - जाति, प्रदेश, खाना, दान, धर्म आदि से जुडे है, जो हमें संसार से हटा कर संस्कार की ओर, अधर्म से धर्म की ओर, पाप से पुण्य की ओर ले जाते है। हमें इन त्योहारों की गरिमा समझनी है, आत्मा को दुर्गति से सद्गति की और ले जाना है, त्योहारों के पीछे भ्रम नहीं फैलाना है, पाप से दूर हट कर पुण्य का कार्य करना है।

# પંથે પંથે પાથેય
## શ્રીમંતાઈ અને સજ્જનતા

ત્રીસ જાન્યુઆરી એટલે પૂ. ગાંધી નિર્વાણ દિન. ગાંધીજી જેવી ઉચ્ચ વ્યક્તિ માટે 'નિર્વાણ' શબ્દ જ પ્રયોજાય.

સોનગઢ આશ્રમમાં આ દિવસે કચ્છી સાહિત્યના મૂર્ધન્ય વિદ્વાન દુલેરાય કારાણી ઉપવાસ કરે. પૂ. કલ્યાણચંદ્રજી બાપા અને અમે બધા જ આઝાદી પહેલાં પૂ. ગાંધીજી આશ્રમમાં પધાર્યા હતા એ સ્થાને સ્થાપિત થયેલી ભારતમાતાની મૂર્તિ પાસે રેંટિયો કાંતિએ અને રાત્રે પ્રાર્થનામાં પૂ. કારાણીસાહેબ અમને સ્વરચિત 'ગાંધી બાવની' સંભળાવી ગાંધીજીના જીવનની અદ્‌ભુત વાતો કરે. ત્યારથી મારા બાળમાનસમાં ગાંધીજી એક પ્રબુદ્ધ પુરુષ તરીકે બિરાજી ગયા હતા. આજે પણ ગાંધીજી માટે એ ભાવ અકબંધ રહ્યો છે.

તે દિવસથી ૩૦ જાન્યુ.ના ઉપવાસ કરવાનો અને ગાંધીસાહિત્ય વાંચવાનો નિયમ મેં પણ કર્યો. સોનગઢમાં તો ચાર-પાંચ વર્ષ એ નિયમ પાળી શકાયો, પણ ઉચ્ચ અભ્યાસ માટે મુંબઈ આવ્યો ત્યારે માત્ર બી.એ. સુધી એ નિયમ જાળવી શક્યો, પણ પછી એ પણ શક્ય ન બન્યું, પરંતુ ૩૦ જાન્યુઆરીના સાંજે મણિ ભવનની પ્રાર્થનામાં જવાનો નિયમ તો દાયકા સુધી જાળવી શક્યો.

ત્યારે ગાંધી સર્વત્ર દેખાતા, પણ હવે તો રૂપિયા પાંચસોની નોટ સિવાય ગાંધી ક્યાં છે? જેણે સંપત્તિ છોડી હતી એને જ સંપત્તિ ઉપર બેસાડી દીધા!!! એક ચલચિત્રમાં દૃશ્ય જોયું હતું: એક વ્યસની દારૂની દુકાને જાય છે. દારૂની બૉટલનો ભાવ પૂછે છે. દુકાનદાર ઘરાકને નજીક બોલાવી કાનમાં કહે છે: 'એક બૉટલની કિંમત એક ગાંધી. બિલ નહિ મળે...!!'

એ સમયે હું પીએચ.ડી.નો અભ્યાસ કરતો હતો અને રહેવાનું ચર્ચગેટની યુનિવર્સિટી હૉસ્ટલમાં બી. રોડ પર. ડૉ. ડી. ટી. લાકડાવાળા અમારા રેક્ટર હતા.

એક દિવસ ત્રીસમી જાન્યુઆરીની સાંજે મણિ ભવન પહોંચ્યો. પ્રાર્થના ખંડમાં હું બેઠો. પ્રાર્થના શરૂ થવાની થોડી મિનિટો બાકી હતી ત્યાં જ પૂરાં ખાદીનાં વસ્ત્રોમાં સજ્જ ત્રણ વ્યક્તિ મારી બાજુમાં બેસવા આવી. ઉંમર હશે ૭૫, ૪૫ અને ૨૦ની આસપાસ. ચહેરા અને આકૃતિ પરથી દાદા, પુત્ર અને પૌત્ર એવું મારું અનુમાન થયું, જે સાચું હતું એ પછી એમની સાથેના પરિચયથી જાણ્યું. જે હારમાં હું બેઠો હતો ત્યાં ત્રીજી વ્યક્તિ માટે જગ્યા ન હતી. મેં થોડા પગ સંકોર્યા, મારી આગળની વ્યક્તિઓને પણ મેં વિનંતી કરી અને અમે બધા ગોઠવાઈ ગયા. મારા આ વિનયનું વૃદ્ધ દાદાએ ધ્યાનથી નિરીક્ષણ કર્યું હશે.

લગભગ એકાદ કલાક પ્રાર્થના ચાલી. ત્રણે વ્યક્તિ પૂરી ધ્યાનસ્થ! મારું હૃદય એ કુટુંબ પ્રત્યે ઝૂકી ગયું.

પ્રાર્થના પૂરી થતાં મૌન સ્મિતથી અમે વિનયની આપ-લે કરી અને અમે છૂટા પડ્યા. ત્યારે ગામદેવીથી ચર્ચગેટ જવા બેસ્ટની 'સી' રૂટની બસ હતી. હું બસની લાઇનમાં ઊભો રહ્યો અને થોડી વારે મારી પાસે એક આલીશાન ગાડી આવીને ઊભી રહી. ગાડીના ખુલ્લા કાચમાંથી એ વૃદ્ધ વડીલે મને પૂછયું, 'કઈ તરફ જવું છે?' મેં પૂછયું 'આપ કઈ તરફ જાવ છો?' કારણકે અમારો રસ્તો એક ન હોય તો મારે એમને મૂંઝવણની પરિસ્થિતિમાં મૂકવા ન હતા. મારા મોઢાના ભાવ એ અનુભવી કળી ગયા. તરત જ કહે, 'જે બસની લાઇનમાં તમે ઊભા છો એ તરફ જ અમે જઈએ છીએ, ફોર્ટ તરફ' અને તરત જ પાછળની સીટમાંથી એમનો પૌત્ર ઊતર્યો, મારા માટે દરવાજો ખોલ્યો અને એ બેઠક પર મને બેસવા વિનંતી કરી અને પોતે ડ્રાઈવરની બાજુમાં ગોઠવાઈ ગયો. એ કુટુંબની આવી સંસ્કારિતા જોઈને હું તો દંગ જ થઈ ગયો! પંદરેક મિનિટના પ્રવાસ દરમિયાન એ કુટુંબે મારા વિશે મને ઘણું પૂછી લીધું. કચ્છ-માંડવીમાં એમના દાનના પ્રવાહથી એક હાઈ સ્કૂલ ચાલતી હતી એટલે શિક્ષણ-સહશિક્ષણ વિશે પણ ઘણી વાતો કરી. મારો મુકામ આવતા મને હૉસ્ટેલ પાસે ઉતારતા અમારી વચ્ચે ટૂંકો વાર્તાલાપ થયો. એમના પુત્રે વિનયથી પૂછયું, 'તમે સવારે ક્યારે ઊઠો છો?' મેં કહ્યું, 'લગભગ છ વાગે' 'પછી?' 'પછી નીચે પેપર વાંચવા, નાસ્તો કરવો, વગેરે.' 'અમે લગભગ સવારે અહીં ફરવા આવીએ છીએ ત્યારે તમને મળવા આવીએ તો ચાલે? થોડો વિચારવિનિમય થાય.' મને આશ્ચર્ય થયું. મેં કહ્યું, 'તમારી સાથે ચર્ચા કરવાનો તો મને આનંદ થાય, પણ આપ તકલીફ લ્યો એ મને શોભે નહિ. આપ જ્યારે કહો ત્યારે હું જ મળી જઈશ.' લક્ષ્મી અને સંસ્કારના તેજથી વિભૂષિત દાદા તરત જ બોલ્યા. 'ના-ના, તમારા અભ્યાસમાં અવરોધ થાય.

અમારે તો આ તરફ આવવાનું થાય જ. હા, અમારા ઘરે ક્યારેક નિરાંતે જમવા આવવાનું આમંત્રણ છે જ. લ્યો, આ સરનામું.' હું એમના ભાવ વિશે કોઈ ગેરસમજ ન કરું એટલે મને સરનામું અને આમંત્રણ આપી દીધું.

અમારો પરિચય વધતો ગયો. એ ભાટિયા કુટુંબ ગાંધીજીના વિચારોથી પૂરેપૂરું રંગાયેલું હતું. સ્વદેશી ચળવળ વખતે વિદેશી વસ્તુઓનો ત્યાગ એ સમગ્ર કુટુંબે કરેલો. શ્રીમંતાઈ, સંપ, સ્વસ્થતા, સંસ્કારિતા અને સજ્જનતાનો અદ્ભુત સરવાળો એ કુટુંબમાં જોવા મળ્યો!

એક સાંજે મારે એમને ત્યાં જમવા જવાનું થયું. આવું આમંત્રણ હોય ત્યારે મને બે કલાક વહેલા આવવા કહે. મારો અભ્યાસ અને સમય ન બગડે એટલે આવવા-જવા ગાડી મોકલે. મને ખૂબ સંકોચ થાય તો એવો સંકોચ ન કરવા પ્રેમથી સમજાવે. એમના કુટુંબના લગભગ દશ-બાર સભ્યો સાથે અમે બેસીએ. જાતજાતની ગોષ્ઠિ કરીએ. મને તો લાભ જ લાભ. મારા અંતરમાં એ કુટુંબના સંસ્કારનો ગુલદસ્તો ગોઠવાતો જાય, જેની સુગંધ આજે પણ હું અનુભવું છું. એક સાંજે અમે બધા ગોષ્ઠિમાં મગ્ન હતા ત્યાં એમનો નાનો પૌત્ર એક તાર લઈને આવ્યો. દાદાશ્રીએ તાર વાંચ્યો, પુત્ર અને પૌત્રો સામે જોયું, બોલ્યા... 'ભાગ્ય પાસે કોઈનું શું ચાલે? હવે બધા માણસોને અહીં મુંબઈ બોલાવી લ્યો અને એ બધાને કાંદિવલીનાં આપણાં મકાનોમાં રહેવાની સગવડ કરી આપો અને મુંબઈની પેઢીમાં કામ આપી દ્યો...'

પુત્ર-પૌત્રે 'જી' કહ્યું અને અમારી ગીતા અભ્યાસની ચર્ચા આગળ વધારવા કહ્યું, પણ મારું મન બેચેની અનુભવે. મેં અચકાતા અચકાતા તારની વિગત પૂછી. ગીતાના સ્થિતપ્રજ્ઞ ભાવ જેવી સ્વસ્થતાથી એ ઋષિ શ્રીમંત બોલ્યા,

'ખાસ કાંઈ નથી. પોર્ટુગિઝની સરકારે આપણા કાજુના એસ્ટેટ માલ-મિલકત સાથે લઈ લીધા. ચાલ્યા કરે, ઋણાનુબંધ પૂરા. અત્યાર સુધી કમાયા એ યાદ કરવાનું, ખોયું એને મનમાંથી ખોઈ દેવાનું!!'

એ કુટુંબની સ્વસ્થતા જોઈને ગીતાની ચર્ચામાં હું તો મન પરોવી ન શક્યો.

એક સવારે હૉસ્ટેલમાં આવીને મને કહે, 'અહીં કેટલા વિદ્યાર્થીઓ હશે? બધા તો પામતા-પોંચતા નહિ હોય...' મેં કહ્યું, 'હા, ઘણા વિદ્યાર્થીઓ તો નોકરી અથવા ટ્યૂશન કરે છે, કૉલેજ, હૉસ્ટેલ અને જમવાનો ખર્ચ કાઢવા માટે.' તરત જ મને કહે 'એ બધાનાં નામો ભેગાં કરી રાખજો. આજે સાંજે ફૉર્મ લઈને ઉદેશી આવશે.' અને એ સાંજે જ ફૉર્મ લઈને ઉદેશી આવ્યા. મેં થોડા દિવસમાં નામો ભેગાં કરી લીધાં અને ફૉર્મ ભરાવી લીધાં. **ફૉર્મમાં બીજી કોઈ વધુ વિગતની માગણી નહિ. માત્ર નામ, વર્તમાન અભ્યાસ અને વર્ષ દરમિયાન જરૂરિયાતની રકમ, કોઈની ભલામણનો અપમાનજનક આગ્રહ પણ નહિ. ડોનેશન અને સ્કોલરશિપ માટેનાં મેં એવાં કેટલાંય ફૉર્મ જોયાં છે જે ભરતાં ભરનાર અંતરથી વલોવાઈ જાય એવા પ્રશ્નો એમાં પૂછ્યા હોય. વળી એ સમાજની બે પ્રતિષ્ઠિત વ્યક્તિની ભલામણ લાવવાની એટલે જરૂરિયાતમંદે એવી વ્યક્તિનો ઉપકાર પણ લેવાનો.** મને યાદ છે, સી. પી. ટૅન્ક પરની એક હૉસ્ટેલમાં હું હતો ત્યારે ત્યાંના એક વખતના ટ્રસ્ટીએ એક જરૂરિયાતમંદને 'આવું ફૉર્મ આપેલું, જે ઉપર આવીને એ વિદ્યાર્થીએ ફાડી નાખ્યું હતું અને પછી ટ્યૂશન કરી પોતાની જરૂરિયાતો પૂરી કરી હતી. આજે અમેરિકામાં એ મોટો ટૅક્સ કન્સલ્ટન્ટ છે અને મહેલ જેવા મકાનમાં રહે છે. એ બે વર્ષે એક વખત ભારત આવી એના મિત્રને મોટી રકમ આપીને કહે છે, 'જેને જરૂર હોય એને લપસપ કર્યા વગર આપી દેજે.'

આઠેક દિવસ પછી ઉદેશી આવ્યા અને ભરાયેલાં એ બધા ફૉર્મ લઈ ગયા. લગભગ ત્રીસેક વિદ્યાર્થીઓનાં ફૉર્મ હતાં અને રકમ પણ ખાસ્સી મોટી થતી હતી. બે દિવસ પછી મારા આશ્ચર્ય વચ્ચે ઉદેશી ચેકો લઈને આવ્યા.

હું વિચારમાં પડી ગયો, મને હતું કે બીજા દાતાઓની જેમ દાદા બધાને પોતાને ત્યાં બોલાવશે, ઈન્ટરવ્યૂ લેશે, ઘણા સવાલો પૂછશે, ઢગલાબંધ શિખામણો આપશે વગેરે, વગેરે.

મેં તરત જ દાદાને ફોન જોડ્યો. હું આભાર માનું એ પહેલાં જ આવા કામની આંગળી ચીંધવા માટે મારો આભાર માની લીધો. મેં કહ્યું, 'પણ આપ આ બધાને મળો તો ખરા, એ બધાની પાત્રતા આપ જુઓ.' એ સૌજન્યશીલ શ્રીમંત વડીલે મને વળતો ઉત્તર આપ્યો.

**'આ પૈસા આપણા ક્યાં છે? આપણે તો ટ્રસ્ટી છીએ. પાત્રતા નક્કી કરનાર આપણે કોણ? આપણે તો ઈશ્વરનું કામ કરનાર કાવડિયા છીએ અને જેને આપીએ એ લેનારની સામે નજર ન કરવી, એ માનભંગ થાય. આપીને 'કાંઈ' લેવાનું ન હોય અને 'આપણે' આપીએ છીએ એ ભ્રમ છે!'** ***(સાભાર : ધનવંત શાહ)***

# સરકી જાયે પળ...

■ નાનુભાઈ સંઘવી

સરરર સરતો વાયરો, ખળખળ વહેતાં ઝરણાં, અમાસમાંથી પૂર્ણિમા થતો ચંદ્ર કે ટીક ટીક થતી ઘડિયાળ એક જ સંકેત આપે છે કે 'સરકી જાયે પળ..... કાળતણું જાણે કે એ તો વરસે ઝરમર જળ.' સરકી જતો સમય એક સવાલ છે, પ્રશ્નવિરામ છે. તેનો પૂર્ણવિરામ હોતો નથી. વહી જતું પાણી અને સરી જતી રેતી આપણને સમયની મહત્તા બતાવે છે. સમયની ગતિ એવી માયાવી, તીવ્ર અને વેધક હોય છે કે તેને માપવા માટેનાં સાધનો જ નથી. તે એટલી ધારદાર છે કે ઘસરકો પાડી જાય તોય તેની ખબર ઘણી મોડી પડે છે.

સમયના વહેણમાં બધું જ ક્ષીણ થતું જાય છે. આંખે ઝાંખપ આવવા લાગે છે, દાંત હાલવા માંડે છે, કાન દગો દઈ જાય છે, પગ સાથ નથી આપતા. જુવાની વૃદ્ધાવસ્થા તરફ સરકી જાય છે. સમજુ માણસો જ સમય સાચવીને અને તેનો યોગ્ય ઉપયોગ કરીને જીવી શકે છે. હાથતાળી આપીને છટકી જતા સમયને પકડવો સહેલો નથી, પણ સમયસર સમયને સમજી જનારા, દોડતા અને પલાયન થતાં સમયમાં પણ અર્થપૂર્ણ રીતે જીવી જાય છે તથા જીવનના લક્ષ્યને પામી જાય છે.

સમય બળવાન છે. તે વિવિધ રીતે પસાર થાય છે. ઘણી વાર આનંદથી, દુઃખથી, ચિંતાથી, ક્લેશથી, ઈર્ષાથી, પ્રમાદથી, વ્યસનથી, પ્રભુભક્તિથી, સત્સંગથી, તપથી, જપથી, આરામથી, આરાધનાથી, આમ અનેકવિધ પ્રવૃત્તિઓથી સમય પસાર થાય છે. મહત્ત્વનું એ છે કે પરભવનું ભાથું બાંધવામાં કેટલો સમય વપરાયો, કેટલો સમય બીજાનાં કામ કરવામાં વપરાયો? કેટલાના ઘરમાં દીવા પ્રગટાવ્યા? કેટલી કકળતી આંતરડીઓ ઠારી?

સમયના વહેણની સાથે કેટલાય સંબંધો બંધાય છે, કેટલાક તૂટે છે, કેટલાક તૂટેલા સંબંધો પાછા સંધાય છે, કેટલાય મિત્રો બને છે. જૂના વિસરાય છે. કોઈક જ આખરી સમય સુધી સાથ નિભાવે છે. ફક્ત પ્રભુસંબંધ જ એવો છે કે જે સમય જતાં ગાઢ થતો જાય તો અંત સમયે તમે ચિંતામુક્ત અને જો પ્રભુ વિસરાઈ જાય તો તમે ચિંતાતુર.

સમય ભલે જોઈ શકાતો નથી, પણ તેની અસરથી કોઈ મુક્ત નથી. કપાળ પરની કરચલીઓ એ સમયની આંગળીઓની નિશાની છે. મોટે ભાગે મૃત્યુની નજીક પહોંચીએ ત્યારે જ સમયની કિંમત સમજાય છે, પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. તેથી જ સમયની એક એક પળ જાણી લો તથા માણી લો. કવિએ કહ્યું છેઃ 'આ દુનિયા પંખીનો મેળો, સમય આવે ઊડી જવાનો, ગઈ પળ પાછી ન પમાય, માટે મુખથી રટી લે પ્રભુનું નામ!' ખરા ભક્તો તો પ્રભુને પ્રાર્થના પણ કરે છે, કે 'સમય મારો સાચવજે વહાલા, કરું હું તો કાલાવાલા! અંત સમયે પ્રભુ મને તારામાં જ લીન રાખજે, બીજો કોઈ વિચાર મને ન આવે, કારણકે અંત સમયે કંઈ જ ભાન રહેતું નથી. પ્રભુકૃપા હોય તો જ જીવ શિવમાં ઠરી શકે છે.'

જીવનની અંતિમ પળ એ વિહ્વળ ઘડી છે તો એ સમયે ખૂબ જ શાંતિ રાખી મોહ-માયાને ભુલાવવા જીવનની દરેક વસ્તુની, આસક્તિઓ, જંજાળો ભૂલી આ સંસારની અસારતાને વિચારી દવા માટે ડૉક્ટરોની દોડધામ ઘટાડવી. સગાં-સ્નેહીના સ્વાર્થ માટે, સહી-સિક્કા, બિલ, વસિયતામાની ખટપટથી બચી મરણના અસહ્ય કષ્ટને ખમી વીતરાગી દશા કેળવવા આ શરીર સગાં-સ્નેહી કોઈ મારા નથી એમ વિચારી આંખો બંધ કરી મૌન ધારણ કરી કરેલાં પાપકાર્યનું પશ્ચાત્તાપ કરી સર્વ જીવોની ક્ષમાપના કરી પ્રભુભક્તિમાં લીન થવું.

# ‘કાન’ વિશે જાણવા જેવી વાતો

■ લલિતકુમાર શાહ

કાન એ આપણા શરીરની પાંચ ઇંદ્રિયો પૈકી એક આપણી આસપાસ બનતી ઘટનાઓનો અર્થ સમજવા માટે કાન મદદ કરે છે. જોકે કાન વિશે લોકોમાં અનેક ગેરસમજો ફેલાયોલી છે. ખરેખર તો શરીરના અન્ય ભાગની જેમ તંદુરસ્તી સાચવવા માટે કાનમાં ખાસ યંત્રણા (ગોઠવણ) હોય છે. ફક્ત ‘મેલ’ કાઢવાને બહાને આપણે આ સિસ્ટમ (યંત્રણા)ને નુકસાન પહોંચાડીએ છીએ અને પછી કાનમાં દુખાવો થાય એટલે ફરિયાદ કરીએ છીએ.

સામાન્ય રીતે કાન ત્રણ હિસ્સામાં વહેંચાયેલો છે. બહારના હિસ્સામાં આપણને દેખાતી કાનની પટ્ટી, તેની અંદર કાનનો પડદો અને તેની આસપાસ ડોઢ સેંટીમીટરનો ભાગ તથા તેની પાછળ એક ભાગ હોય છે. સૌથી પહેલાં તો કાન વિશેની સૌથી મોટી ગેરસમજ દૂર કરવી જરૂરી છે. કાનમાં ‘મેલ’ એકઠો થયો છે એવુ આપણે કહીએ છીએ, તે આપણી ભૂલ છે. કાનની અંદર આવેલો પડદો એ ખૂબ નાજુક વસ્તુ છે. તેનું રક્ષણ કરવા માટે તેનાથી ડોઢ સેંટીમીટર સુધી ચામડીમાં મીણ જેવું ચીકણું દ્રવ્ય હોય છે. આ દ્રવ્ય પાણીને રોકે છે. તે ઉપરાંત એ એન્ટીબાયોટિક, એન્ટીફંગલ અને એંટીસેપ્ટિકની ક્ષમતા ધરાવે છે આપણે ફક્ત મેલ સમજીને આ દ્રવ્ય બહાર ફેંકી દઈએ છીએ. હકીકતમાં તો આ મેલ સૂકાઈ જઈને આપોઆપ બહાર ઊડી જાય છે. તેની આ ક્રિયાને કારણે કાનનું આરોગ્ય સારું રહે છે. આપણે અજ્ઞાનતાને કારણે અનેક પ્રકારના સાધનોનો ઉપયોગ કરી કાન સાફ કરવાના પ્રયાસો કરીએ છીએ. આમ કરવામાં કાન સાફ થતો જ નથી પરંતુ કાનના પડદાને હાનિ પહોંચવાની શક્યતા વધી જાય છે, કાન સાફ કરવા માટે બજારમાં મળતા ‘બડ્સ’ના પેકીંગ ઉપર પણ ચેતવણી લખી હોય છે કે ડૂ નોટ ઇંસર્ટ ઈન ધ ઈયર. બડ્સ તો કાનના બહારના ભાગને સાફ કરવા માટે વપરાવું જોઈએ. આ વાંચ્યા પછી તમે બડ્સનો યોગ્ય ઉપયોગ શરૂ કરશો અને કાનમાં માથાની પીન, ટાચણી કે ક્લીપ જેવી નુકસાનકારક વસ્તુને નાખવાની ટેવ હોય તો તે બંધ કરશો.

કાનની રચના એવા પ્રકારની હોય છે કે તેમાં સામાન્ય રીતે બહારનો કચરો જતો નથી. આવાં સાધનો કાનમાં નાખવાથી મેલ બહાર આવતો નથી પણ વધુ ઊંડો ચાલ્યો જાય છે, ત્યાંથી બહાર આવી શકતો નથી તેથી જામી જઈને કડક થઈ જાય છે અને પરિણામે શ્રવણશક્તિને અસર થાય છે. ઓછુ સંભળાવા લાગે છે કે ખજવાળ આવે છે આમ થાય ત્યારે મેલને પલાળવા (નરમ કરવા) માટે કાનમાં દવા નાખવામાં આવે છે. અને તેથી મેલને બહાર કાઢવાનું કામ ડૉક્ટર માટે સહેલું થઈ જાય છે. તેથી જ કાનનું આરોગ્ય સાચવવું હોય તો તેની સાથે રમત ન કરશો પણ સંભાળ લેજો.

આવી જ સમસ્યા માતા માટે બાળકોના કાનમાંથી મેલ કાઢવાની છે. આનો ઉપાય એક જ છે અને તે એક બાળકને ડૉક્ટર પાસે લઈ જવું અને ઘરે કોઈ અખતરો કરવો નહીં. બાળકના કાનમાં દુઃખાવાનું એક કારણ તેની થયેલી શરદી હોય શકે છે. નાક અને કાનની પાછળના ભાગમાં શરદી એકઠી થાય છે. બાળક રાત્રે સૂઈ જાય ત્યારે શરદી કાનમાં આવે છે તેથી કાન દુઃખે છે અને બાળક રડવા લાગે છે તે વખતે બાળકને ઊભું કરવાથી તે રડવાનું બંધ કરે છે.

શરદી થાય ત્યારે નાક બંધ કરવામાં આવે છે ત્યારે જ કાન બંધ થઈ ગયાની ખબર પડે છે. કેટલાંક બાળકોની શરદી નાકમાંની શરદી કાનમાંથી બહાર પડે છે. એ શરદી કાનના પડદામાં નાનકડું છિદ્ર પાડી બહાર નીકળે છે. દસમાંથી આઠ જણામાં આ છિદ્ર આપોઆપ બંધ થઈ જાય છે. જેમને વધુ તકલીફ થાય છે તેમણે ઉપચાર કરાવવો પડે છે.

કાનના અંદરના ભાગનું કાર્ય મનુષ્યનું સંતોલન જાળવવા માટે મહત્વનું હોય છે આ ભાગમાં વિશિષ્ટ પ્રકારનો દ્રવ્ય પદાર્થ હોય છે. ડાબી અને જમણી બન્ને તરફથી તેના પર દબાણ આવે છે. આ દબાણનું સંતુલન બગડી જાય તો ચક્કર, ઊલ્ટી, સંતુલન ગુમાવવું જેવી તકલીફ થાય છે. આવું બને ત્યારે વ્યક્તિએ તેના ફેમીલી ડૉક્ટરની સલાહ લઈને કાનના સ્પેશિયાલીસ્ટ પાસે પહોંચી જવું હિતાવહ છે.

**BIO-DATA**



| | |
|---|---|
| **Name** | : **Parth Chetan Sanghavi** |
| **Date of Birth** | : 14-11-1989 |
| **Time of Birth** | : 9.45 a.m. Matunga |
| **Height** | : 5'-7" weight : 71 |
| **Qualification** | : CPA (Australia), CA (India), CFP (India), B.com (HR College) |
| **Work** | : Chartered Accountant in Chartered Firm, Sydney |
| **Email ID** | : sanghaviparth@hotmail.com |
| **Religion** | : Vishashrimali Sthanakwasi Jain |
| **Native Place** | : Dhrangadhra, Saurashtra |
| **Father** | : Chetan Chandulal Sanghavi (+91-9820873322) |
| **Work** | : Business Owner and Professional at Star Medical & General Stores, Dadar |
| **Mother** | : Sangita C. Sanghavi (+91-9820852650, + 91-22-24129312) |
| **Work** | : Alternative Therapist |
| **Brother** | : Palak Sanghavi (PG Medical Science) - Married (+91-9167568337) |
| **Sister in Law** | : Kimi Palak Sanghavi (Motivational Speaker) (+91-8898008628) |
| **Address** | : 1204 Navin Asha 126 Dadasaheb Phalke Road, Dadar (E), Mumbai - 14 |
| **Grandfather** | : Late Shri Chandulal Chotalal Sanghavi |
| **Grandmother** | : Shrimati Sarojben Chandulal Sanghavi |
| **Paternal Uncle's** | : Nayan Chandulal Sanghavi (Vashi)<br>Pradeep Chandulal Sanghavi (Dadar) |
| **Mosal** | : Shri Pravinbhai Parekh (Nana)<br>Shrimati Bharatiben Parekh (Nani) |

Advt.

# ઍસિડીટી

- ❖ અનાનસના ટુકડા પર સાકર અને મરી ભભરાવીને ખાવાથી ઍસિડીટી મટે છે.
- ❖ આમળાનો રસ એક ચમચી, કાળી દ્રાક્ષ એક તોલો અને મધ અર્ધી ચમચી ભેગું કરી ખાવાથી ઍસિડીટી મટે છે.
- ❖ એલચી, સાકર અને કોકમની ચટણી બનાવી ખાવાથી ઍસિડીટી મટે છે.
- ❖ દ્રાક્ષ ને બાળહરડે સરખે ભાગે લઈ એટલી જ સાકર મેળવી તેની રૂપિયાભાર જેવડી ગોળીઓ બનાવી, લેવાથી ઍસિડીટી મટે છે.
- ❖ કોળાના રસમાં સાકર નાખીને પીવાથી ઍસિડીટી મટે છે.
- ❖ ગંઠોડા અને સાકરનું ચૂર્ણ લેવાથી ઍસિડીટી મટે છે.
- ❖ સૂંઠ, ખડી સાકર અને આમળાનું ચૂર્ણ લેવાથી ઍસિડીટી મટે છે.
- ❖ અર્ધા લિટર પાણીમાં એક લીંબુનો રસ નાખી, અર્ધી ચમચી સાકર નાખી બપોરના જમવાના અર્ધા કલાક પહેલા પીવાથી ઍસિડીટી મટે છે.
- ❖ ધાણાજીરુંનું ચૂર્ણ ખાંડ સાથે લેવાથી ઍસિડીટી મટે છે. જમ્યા પછી છાતીમાં બળતરા થતી હોય તો તે પણ મટે છે.
- ❖ ૧૦૦ થી ૨૦૦ ગ્રામ દૂધમાં થોડી સાકર તથા ઘીમાં સાંતળેલા કાળા મરીનું ચૂર્ણ નાખી સાંજે પીવાથી ઍસિડીટી મટે છે.
- ❖ ૧ થી ૨ ગ્રામ જેટલો ખાવાનો સોડા ધાણાજીરાના ચૂર્ણમાં અથવા સુદર્શન ચૂર્ણમાં મેળવી લેવાથી ઍસિડીટી મટે છે.
- ❖ તુલસીનાં પાનને દહીં કે છાશ સાથે લેવાથી ઍસિડીટી મટે છે.
- ❖ આમળાનું ચૂર્ણ રોજ સવારે અને રાત્રે એકએક ચમચી લેવાથી ઍસિડીટી મટે છે.
- ❖ લીમડાનાં પાન અને આમળાનો ઉકાળો બનાવી પીવાથી ઍસિડીટી મટે છે.

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | અમિતભાઇ નરેશભાઇ શાહ, ૧૦-૧૧-૧૯૮૧, ૫'-૭''<br>B.Com., | દેરાવાસી વિ.ઓ.શ્રી શ્વેતાંબર જૈન<br>પાલનપુર – બોરીવલી | (મો) ૯૩૨૦૮૭૪૯૧૧<br>(મો) ૮૨૯૧૦૩૧૫૩૩ |
| ૨) | નિતિશ પ્રદિપભાઇ શાહ, ૮-૧૦-૧૯૮૬, ૫'-૧૧''<br>B.E. Ind. Products – | દશા શ્રીમાળી સ્થાનકવાસી<br>રાજકોટ – ઘાટકોપર | (ઘર) ૨૫૦૬૪૪૧૧<br>(મો) ૯૮૨૧૧૨૫૪૫૦ |
| ૩) | અમિત જગતભાઇ શાહ, ૨૯-૫-૧૯૮૪, ૬'-૦''<br>B.Com., M.C.A., M.I.M., M.COM.(Part-I) – | ઘોઘારી વિશાશ્રીમાળી જૈન<br>ભાવનગર – વિલેપાર્લે | (ઘર) ૨૬૭૧૨૨૨૮<br>(મો) ૯૯૮૭૭૬૬૭૮૮ |
| ૪) | વિશાલ હસમુખભાઇ શાહ, ૨૧-૯-૧૯૭૮, ૫'- ૬''<br>B.Com. – | જૈન દેરાવાસી<br>બોટાદ – બોરીવલી | (ઘર) ૨૮૯૯૪૫૭૦<br>(મો) ૭૫૦૬૬૩૯૯૩૭ |
| ૫) | ચેતન હસમુખભાઇ શાહ, ૨૯-૭-૧૯૭૫, ૫'- ૬''<br>B.Com., – છુટાછેડા લીધેલ છે | જૈન દેરાવાસી<br>બોટાદ – બોરીવલી | (ઘર) ૨૮૯૯૪૫૭૦<br>મો) ૭૫૦૬૬૩૯૯૩૭ |
| ૬) | દેવાંગ મહેન્દ્રભાઇ ભણશાળી, ૨૭-૩-૧૯૭૧, ૫'- ૫''<br>S.Y.B.Com., Computer Course – | દેરાવાસી દશાશ્રીમાળી જૈન<br>પોરબંદર – મુંબઇ | (ઘર) ૨૬૮૭૮૦૦૯<br>(મો) — |
| ૭) | મિતુલ અનિલકુમાર સંઘાણી, ૩૧-૩-૧૯૮૮, ૫'-૧૧''<br>C.A., Pursuing ACCA (UK), – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – મલાડ (વે) | (મો) ૯૦૨૯૨૫૮૯૯૧<br>૯૯૩૦૨૭૪૬૨૦ |
| ૮) | તેજસ ચંદ્રકાંતભાઇ ટિંબડિયા, ૨૫-૮-૧૯૮૨, ૫'-૧૧''<br>S.S.C., – બિઝનેસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>બિલખા (જૂનાગઢ) - વસઇ | (ઘર) ૦૨૫૦૨૩૩૪૭૨૨<br>(મો) ૯૩૨૩૧૭૯૧૦૦ |

## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | રૂચી અતુલભાઇ શાહ, ૨૭-૧-૧૯૯૨, ૫'-૦''<br>B.C.A. – | સત્તાવીશ વીશા પોરવાળ દેરા.જૈન<br>વલસાડ – યુ.એસ.એ. | (ઘર) ૦૦૧-૭૩૨૮૧૦૯૬૦૭<br>(યુ.એસ.એ.)<br>(મો) ૯૯૮૭૪૬૪૧૧૨ |
| ૨) | દિશા જયકુમાર રાજપુરીયા, ૨૭-૬-૧૯૮૬, ૫'- ૪''<br>MAED / BED / BHSc– | ઝાલાવાડી દશાશ્રીમાળી દેરાવાસી<br>લીંબડી – મુંબઇ | (ઘર) —<br>(મો) ૭૫૦૬૦૮૮૩૦૨ |
| ૩) | જલ્પા જયકાન્તભાઇ શાહ, ૨૨-૧-૧૯૮૫, ૫'-૪''<br>બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૨૮૭૫૭૫૩૫<br>(મો) ૯૩૨૩૩૩૪૩૦૭ |
| ૪) | ડોલી મનુભાઇ શાહ, ૨૨-૪-૧૯૮૮, ૫'-૪''<br>B.Com., – | ગુજરાત જૈન દેરાવાસી<br>પાટણ – અંધેરી | (મો) ૯૯૨૦૮૫૩૮૫૦<br>(મો) ૯૯૨૦૩૧૭૭૧૬ |
| ૫) | શિખા દેવાંગભાઇ કાપસી, ૫-૧૦-૧૯૮૭ ૫'-૨''<br>B.Com., M.B.A. – | ઝાલાવાડ દશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>– ઘાટકોપર | (મો) ૯૩૨૪૦૬૬૪૩૮<br>(મો) ૯૮૨૧૨૨૭૬૩૭ |
| ૬) | ધ્વનિ ભરતકુમાર શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>M.Com., – | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ<br>સુરત – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૭) | કેજલ મિલિંદ શાહ, ૬-૬-૧૯૯૧, ૫'-૩''<br>M.Com., – | દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>વિંછીયા – ઘાટકોપર | (મો) ૯૮૨૦૩૬૪૮૬૭<br>(મો) ૯૯૬૭૪૩૩૩૯૭ |

ZALAWAD BUSINESS FORUM

# TRADE FAIR 2017

3rd ZBF TRADE FAIR

## 7th - 8th JANUARY 2017

Bombay Exhibition Center, Goregaon East, Mumbai

*Powered by* La Marquise (Brilliant Diamond Group) | VARMORA Innovating happiness

## Over 50000 + Consumers, Business Owners & Decision Makers

**Multi Community**

**50,000+ Visitors**

**400+ Stalls**

**Retail Bazaar**

**Loan Mela by reputed Banks & other Financial Institutions**

**Other Premium Clusters on Cards**

## STAR ATTRACTIONS

**THE Fashion Show***

**THE ART gallery**

Show-case of the creative art pieces by upcoming Artists

Also Featuring the 1st Time ever an **INTERNATIONAL PAVILION**

Participation of Business Houses from across the Globe

**FREE BUS SERVICES**
From Goregaon East Station

**HOURLY LUCKY DRAW**

**Spot Free Medical Check-up by Kokilaben Dhirubhai Ambani Hospital**

## 130+ STALLS BOOKED

**Exhibitors from Surendranagar, Limbdi, Ahmedabad**

**Have you booked your preferred stall yet?**

**Book your stalls now on www.zbfindia.org**

## 10%

**DISCOUNT FOR BOOKING TILL 31ST DECEMBER 2016**

*Service Tax Extra as Applicable.

**Our Associates**

MANBA | HAPPY HOME Enriching lifestyle Since 1979 | EATA Group | SAMARTH LIFE SCIENCES PVT. LTD.

**For Sponsorship Opportunities Call**

Kiran Shah +91 98210 52705
Rahul Sanghvi +91 98200 74615
Manish Kuvadia +91 98923 90275

Advt.

**Zalawad Business Forum (ZBF)**
**Office Address:** Gala #38, Gokul Arcade, Near Garware, Sahar Road, Off. Western Express Highway, Vile Parle East, Mumbai 400 057. India.
**Tel:** +91 9702108514 | **Email:** admin@zbfindia.org | **Website:** www.zbfindia.org

Price Rs.5-00

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/12/2016

JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018

Find us on :

www.flamingotravels.co.in

not just a business, but a philosophy

FLAMINGO®
transworld pvt. ltd.

# અમેરિકા

## અમેરીકન ડ્રીમ્સ
૨૩ રાત્રિ / ૨૪ દિવસ
ટુર ઉપડવાની તારીખ
એપ્રિલ ૨૮ | મે ૫,૧૨,૧૯
જૂન ૨,૯,૧૬,૨૩,૩૦

૩૧ ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં બુકીંગ કરો
મેળવો ફોલ્સ વ્યુ નો રૂમ
૨૮ એપ્રિલ અને ૧૯ મે, ૨ જૂન ૨૦૧૬ માટે

## અમેરીકન એસેન્સ
૨૧ રાત્રિ / ૨૨ દિવસ
ટુર ઉપડવાની તારીખ
એપ્રિલ ૨૯ | મે ૬,૧૩,૨૭
જૂન ૧૦

વિઝા સાથે પહેલા ૫ ફેમિલી ને મળશે
ફ્રી બાલ્કની ક્રૂઝ

## અમેરીકન એક્સપિરિયન્સ
૧૫ રાત્રિ / ૧૬ દિવસ
ટુર ઉપડવાની તારીખ
એપ્રિલ ૨૦ | મે ૪,૧૮,૨૫
જુલાઈ ૧૩ | ઓગષ્ટ ૧૦

## અમેરીકન ઈકોસ
૧૩ રાત્રિ / ૧૪ દિવસ
ટુર ઉપડવાની તારીખ
મે ૧૨ | જૂન ૧૬

# યુરોપ

## યુરોપીયન એમીનન્સ
૨૦ રાત્રિ / ૨૧ દિવસ
ટુર ઉપડવાની તારીખ
મે ૧,૨૨ | જૂન ૧૯

## યુરોપીયન એપીક
૧૮ રાત્રિ / ૧૯ દિવસ
ટુર ઉપડવાની તારીખ
મે ૫,૧૨,૧૯,૨૬ | જૂન ૨,૯,૨૩ | જુલાઈ ૧૪
ઓગષ્ટ ૧૮ | સપ્ટેમ્બર ૧

૨ પુખ્ત+૧ બાળક (બેડ સિવાય) ₹૪૦૦૦૦ નું ડિસ્કાઉન્ટ
૨ પુખ્ત+૧ બાળક (બેડ સાથે) ₹૪૫૦૦૦ નું ડિસ્કાઉન્ટ
૨ પુખ્ત+૧ બાળક (બેડ સિવાય)+૧ બાળક
(બેડ સાથે) ₹૬૫૦૦૦ નું ડિસ્કાઉન્ટ

## યુરોપીયન યુરેકા
૧૫ રાત્રિ / ૧૬ દિવસ
ટુર ઉપડવાની તારીખ
એપ્રિલ ૧૭, ૨૯ | મે ૬,૧૩,૨૦,૨૭ |
જૂન ૩, ૧૭ | જુલાઈ ૮, ૨૯ | ઓગષ્ટ ૧૨, ૨૬ |
સપ્ટેમ્બર ૧૬ | ઓક્ટોબર ૧૭, ૧૯, ૨૧

૨ પુખ્ત+૧ બાળક (બેડ સિવાય) ₹૩૫૦૦૦ નું ડિસ્કાઉન્ટ
૨ પુખ્ત+૧ બાળક (બેડ સાથે) ₹૪૦૦૦૦ નું ડિસ્કાઉન્ટ
૨ પુખ્ત+૧ બાળક (બેડ સિવાય)+૧ બાળક
(બેડ સાથે) ₹૫૫૦૦૦ નું ડિસ્કાઉન્ટ

## યુરોપીયન ઈકોસ
૯ રાત્રિ / ૧૦ દિવસ
ટુર ઉપડવાની તારીખ
મે ૬, ૨૦ | જૂન ૧૭ | ઓગષ્ટ ૧૨

## યુરોપીયન ડ્રીમ્સ
૬ રાત્રિ / ૭ દિવસ
ટુર ઉપડવાની તારીખ
મે ૭, ૧૪, ૨૮ | જૂન ૪, ૨૫ | જુલાઈ ૨, ૨૩
ઓગષ્ટ ૧૩, ૨૭ | સપ્ટેમ્બર ૩, ૨૪
ઓક્ટોબર ૧૮, ૨૦, ૨૨

## સ્કેન્ડીનેવીયા-રશિયા
૧૮ રાત્રિ / ૧૯ દિવસ
ટુર ઉપડવાની તારીખ
મે ૩૧ | જૂન ૨૮ | જુલાઈ ૧૯

મુંબઈ ઓફિસ : 905, 9મો માળ, કે.પી. ઔરમ, સેવન હીલ્સ હોસ્પિટલ પાસે, મરોલ મરૂષી રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ

P : 022-66925959 | 66935959 M : PALAK – 7506513313 | VINAY -7506513826

E : mumbaiteam@flamingotravels.co.in

Advt.



Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**